vitraag vigyaan

અનન્ય પરિવર્તન

January 2017, Mumbai • Volume 7 • Issue 1



મંગલ પરિણય

ઓળખાણ... પ્રતીતિ... અનુભવ.. એકતા

vibraaj vigyaan

અનન્ય પરિવર્તન

January 2017, Mumbai • Volume 7 • Issue 1



vitraag vigyaan

परिवर्तन

January 2017, Mumbai • Volume 7 • Issue 1



मंगल परिणय

ओળખાણ... પ્રતીતિ... અનુભવ.. ઓડચતા

Mangal Parinay - Vidhi













With Best Compliments From

Jitendrakumar Samdariya - Bengaluru

અનુક્રમણિકા

પ્રાર્થનામૃત ૩
પત્રોની પાંખે ૪
જ્ઞાન સાગર ૬
पूज्यश्री की अमृतवाणी ૧૧
The Master's Voice ૧૬
પ્રશ્નોત્તરી ૧૯
અહેવાલ ૨૦
Shree Raj Educational Centre ૨૨
મંગલ પરિણય ૨૫
શ્રી રાધાવતાર ૩૦
ધારાવાહિક નવલિકા ૩૫
The Reader's Forum ૩૮
SRMC ૩૯
एक प्रेरणात्मक सत्य कथा ૪૦
Health To Happiness ૪૨
The Reader's Forum ૪૪
Relationships ૪૫
Recent News ૪૬
Kidzone ૪૮
તત્ત્વ ઉકેલ ૪૯
Forthcoming Events ૫૦
From Us to You ૫૧
Sponsorship ૫૨



EDITORIAL

૨૦૧૭ માં પ્રવેશ કરતાં, સર્વ મુમુક્ષુઓ તેમના પ્રભુ પુરુષોત્તમ સાથે મંગલ પરિણયથી જોડાઈ, તેમના આત્મા સાથે ઐક્યતા સાધી મોક્ષની મંઝીલ તરફ પ્રયાણ કરે એ જ શુભભાવના સાથે આપ સર્વેને નૂતન વર્ષાભિનંદન.

''મંગલ પરિણય'' એટલે પરમ પુરુષોત્તમ સ્વરૂપ એવા પરમ કૃપાળુદેવ સાથે આત્મ ઐક્યતાથી બંધાવુ તથા જેમણે પરમ કૃપાળુદેવની આપણને ઓળખાણ કરાવી અને પ્રેમભક્તિનો અદ્‌ભુત માર્ગ સમજાવ્યો એવા પરમ ઉપકારી પરમ પૂજ્ય પ્રેમ આર્યાયજીને ધર્મ-અર્થ-કામ-મોક્ષનો ચતુર્વિધ પુરુષાર્થ અર્પણ કરી એ પરિણયને સફળ અને મંગળ બનાવવો. આવો મંગલ પરિણય શ્રીમદ્‌ રાજચંદ્ર આત્મતત્ત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર - પર્લીની પવિત્ર ભૂમિ પર પૂજ્ય પ્રેમ આચાર્યજીના સાનિધ્યમાં ઉલ્લાસિત વાતાવરણ અને દેશ-વિદેશથી પધારેલા મુમુક્ષુઓની હાજરીમાં તા. ૨૯-૩૧ ડિસેમ્બર ૨૦૧૬ દરમ્યાન દબદબાપૂર્વક ઉજવાઈ ગયો જેનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં આપ્યો છે.

પૂજ્યશ્રીએ પોતાનો હાથ આપણને આપ્યો, આપણા બધા દોષોને નજર અંદાજ કરી પ્રેમથી આપણને અપનાવ્યા, મોક્ષનો રાજમાર્ગ આપણને બતાવ્યો એમને 'ગુરુદક્ષિણા' સ્વરૂપે પોતાના જીવનનો અમુક સમય સેવા રૂપે અર્પણ કરી, ભગવાન મહાવીર અને પરમ કૃપાળુ દેવના આત્મતત્વને આખી દુનિયામાં ફેલાવવાના પૂજ્યશ્રીના વિઝનને સાર્થક કરવાની પ્રતિજ્ઞા કરી, એ સર્વ મુમુક્ષુઓને અભિનંદન.

સંસારમાં રહીને સત્‌ધર્મની આરાધના કઈ રીતે કરી શકાય તેમજ પ્રત્યક્ષ સદ્‌ગુરુ અને એમની આશ્રય ભક્તિની વિશેષ સમજણ આપણા સહુના પરમાર્થસખા પૂજ્ય શ્રી નિલેશભાઈએ ડિસેમ્બર મહિનામાં કોલકાતામાં યોજાયેલ શિબીરમાં આપી એનો અહેવાલ આ અંકમાં વાંચવાનું ભુલતા નહીં.

શ્રીમદ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર - પર્લીમાં માત્ર સત્સંગની જ પ્રવૃત્તિ નથી થતી પણ આજુબાજુના આર્થિક રીતે અતિશય નબળા લોકોને વૈધકીય - શૈક્ષણિક સહાય પણ કરવામાં આવે છે. વખતોવખત ત્યાં અલગ અલગ રોગ માટે મેડિકલ કેમ્પ યોજવામાં આવે છે. આ અંકમાં મેડિકલ કેમ્પ તેમજ આદિવાસી-ગરીબ બાળકોને આજના યુગને અનુરૂપ આધુનિક શિક્ષણ આપતી શાળાના 'એન્યુઅલ ડે'નો અહેવાલ પણ વાંચવા જેવો ખરો જ.

તદ્‌ઉપરાંત રેગ્યુલર કોલમ આપ સહુ વાંચતા જ હશો.

અંતે...

અપૂર્વ અવસર એવો ત્યારે જ આવશે,
જ્યારે થઈશું સદ્‌ગુરુને અનુરૂપ જો,
સ્વચ્છંદ, મોહ - માયાને તીક્ષ્ણ છેદીને,
અંતે થાશું ગુરુ આજ્ઞામાં લીન જો.

સત્ સ્વરૂપ

હું..... આત્મા છું..... હું..... આત્મા છું.....

હું સત્ સ્વરૂપી આત્મા.....

મારું અસ્તિત્વ ત્રિકાલિક છે..... ભૂતકાળમાં હતો..... વર્તમાને છું..... ભવિષ્યમાં હોઈશ..... ત્રણે કાળ સદા શાશ્વત રહેનાર નિત્ય..... ધ્રુવ હું આત્મા..... મારું સત્ એ મારું જ છે..... કોઈપણ પદાર્થનું સત્ હોવું એ કોઈ અપેક્ષા નથી..... જેનું હોવાપણું છે તે સર્વ સત્ છે..... જે નાશવંત છે..... તે સત્ નથી..... મારું કાયમ હોવાપણું છે..... હું કાયમ ટકી રહું છું..... વારંવાર દેહને ધારણ કર્યા છતા..... વારંવાર મરણ થયા છતાં..... હું બદલાતો નથી..... દેહ જન્મે છે..... દેહથી મારું અલગ થવું..... તેને જીવનું મૃત્યુ કહે છે..... માટે મારું મૃત્યુ નથી..... હું દેહથી અલગ થઈ મારું અલગ અસ્તિત્વ જાળવી રાખું છું..... મારું અસ્તિત્વ જોખમાતું નથી.....

સદા સર્વદા શાશ્વત..... દ્રવ્ય..... હું આત્મા છું..... મારામાં રહેલા રાગ દ્વેષ અસત્ છે, નાશવંત છે..... રાગ-દ્વેષ-અજ્ઞાનથી પર હું સત્ છું..... અવિનાશી છું..... મારા સત્ તત્વનો અનુભવ કરું..... જાણું..... એ જ મારો ધર્મ છે..... સત્ સ્વરૂપી આત્માને પામવા માટે..... વધારે એકાગ્રતાથી..... વધારે ઉંડાણથી આત્માનું ચિંતન.....

હું..... આત્મા છું..... હું..... આત્મા છું.....

ॐ शांतिः शांतिः शांतिः

સૌજન્યઃ- પૂ.ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મચિંતન'માંથી.

પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજયશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્‌યા વગર નથી રહી શકતો.

ચિ. પ્રિય,

અવાર નવાર વાતચીત, પત્ર, નોટ, (નાની સ્લીપ), નોંધ વિગેરે મળે છે અને તેના ક્યારેક જવાબ પણ લખું છું. આજે ફરીથી લખું છું. આત્મસિદ્ધિની ગાથા ૧૦૮થી ૧૧૩ વાંચવા જણાવેલ છે તેના અર્થ વિચારજે.

ગાથા ૧૦૮ જીવની યોગ્યતા જણાવે છે. જ્યાં સુધી 'પાત્ર' તૈયાર ન થાય ત્યાં સુધી 'પદાર્થ' તેમાં રહી ન શકે. કહેવત છે સિંહણનું દૂધ સોના સિવાયના કોઈપણ પાત્રમાં ન ટકી શકે, સ્વર્ણ સિવાયને તોડીને બહાર નિકળી જાય. તેવું જ આત્મજ્ઞાન માટે છે. માટે તેને રાખવા કેવી યોગ્યતા પાત્રતા જોઈએ ? તો સમકિતના પાંચ લક્ષણો જેવી (૧) શમ-કષાયની ઉપશાંતતા (૨) સંવેગ - માત્ર મોક્ષ અભિલાષ (૩) નિર્વેદ - ભવે ખેદ (૪) અનુકંપા - કરૂણા - પ્રાણીદયા - અંતરદયા (૫) આ ચાર તૈયાર થયે દેવ, ધર્મ અને ગુરુનું શ્રદ્ધાન થાય છે તે.

આટલી તૈયારી થઈ ગયા પછી, જીવન સહજપણે તેવું થઈ ગયા પછી, એવી દશાના જીવને જીજ્ઞાસુ, મુમુક્ષુ, આત્મલક્ષી વિગેરે નામ આપી શકાય. ઉપર જણાવેલ ચાર ગુણો બરાબર પ્રાપ્ત થયા પછી સદ્‌ગુરુનો બોધ મળે, આજ્ઞા મળે. આજ્ઞા પળાય તો પછી સમકિત પ્રાપ્ત થાય છે. આ સમકિતને વ્યવહાર સમકિત કહેવાય છે. ક્ષયોપશમ સમકિત કહેવાય અથવા શ્રદ્ધા સમકિત પણ કહીએ તો ચાલે. આમ થાય પછી તે જીજ્ઞાસુ જીવ એક જ કામ કરે છે અને તે છે અંતરનું શોધન કરવાનું, પવિત્ર - નિર્મળ કરવાનું. **વર્તે અંતર શોધ.** અંતરની શુદ્ધતા એટલે સર્વ પ્રકારના કષાય નોકષાયના ઉદયમાં બળવાનપણે લક્ષ રાખી તે રૂપ ન થતાં રાગ-દ્વેષથી

રહિત થવાનો લક્ષ રાખે છે. (અપૂર્વ અવસર ગાથા ૬,૭,૮,૧૦).

ગાથા ૧૧૦- આવા પુરુષાર્થ છતાં ભાવ રહે છે, 'જૈનને જ મોક્ષ મળે', આ જ ધર્મ સાચો બીજા બરાબર નથી વિગેરે અનેક પ્રકારના ભાવોનું રાગ-બંધન બળવાનપણે રહે છે. બીજા ધર્મ પ્રત્યે અજાણતાં દ્વેષ ભાવ રહે છે, આ માર્ગના સર્વ પ્રત્યે રાગ અને ન હોય તેને પ્રત્યે દ્વેષ લક્ષ વગર રહ્યા કરે છે. તેજ છે મત દર્શન અને કરીએ છીએ તેનો આગ્રહ. જેટલો 'આગ્રહનો ભાવ' તેટલો રાગ પોષાય છે. પરમાર્થે આગળ વધ્યા પછી જે દોષોના છટકામાં જીવ સપડાય છે તે સર્વે છટકાં ધર્મના નામે જ હોવાથી જીવને દોષો લક્ષમાં નથી આવતા માટે વિશેષપણે લખ્યું.

કોઈ જીવ માને મને તો મારા મતનો, મારા દર્શનનો જરા પણ આગ્રહ નથી. હું તો પરમભક્તિથી પરમકૃપાળુદેવને ભજું છું તો પણ શુદ્ધ સમકિતની પ્રાપ્તિમાં ઢીલ કેમ? ઉપર જણાવ્યું તેજ કારણે. **''વર્તે સદ્‌ગુરુ લક્ષ''**. સદ્‌ગુરુનો જ્યાં લક્ષ છે તે લક્ષને સમજીને જીવ પોતે પણ 'તેજ' લક્ષે વર્તે છે અને શુદ્ધ સમકિત, ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે જે અનુભવ કેવળીના અનુભવ જેવો જ હોય છે. ક્વોલીટીમાં ફરક (ભેદ) નથી. **''તેમાં ભેદ ન પક્ષ.''**

ગાથા ૧૧૧ પરંતુ ઉપર જણાવ્યો તે અનુભવ એક વખત થયા પછી ક્યારેય ભુલાતો નથી. તેમ જ તે અનુભવ થઈ ગયા પછી તેવો જ અનુભવ ફરીથી જલ્દીથી (અપેક્ષાએ) થતો નથી. ઉગ્ર પુરુષાર્થ કરી થોડા સમયમાં તે અનુભવ પ્રાપ્ત થયા પછી જબરજસ્તીથી ઉપશમ કરેલ કર્મો ફરી ઉદયમાં આવે છે અને ઉદય પ્રમાણે ગૃહસ્થ અવસ્થામાં વારંવાર તે અનુભવ યાદ આવ્યા કરે છે. ક્યારેક અત્યંત બળવાન ઉદય હોય ત્યારે અનુભવ મંદ લાગે, ત્યારે લક્ષ તે જ રહે ફરી 'પહેલાં જેવું જ' જોઈએ છે અને વધારે ઉગ્ર અને બળવાન સંસારી ઉદયમાં પ્રતીતિ રહે છે. 'હું તો શુદ્ધ આત્મા છું', 'અજર, અમર, અવિનાશી આત્મા છું.' આમ આત્માની પ્રતીતિ જતી જ નથી. ઉદયાનુસાર અનુભવ, લક્ષ અને પ્રતીતિ રહ્યા જ કરે છે. અને આમ થતાં વૃત્તિ વધારે અને વધારે 'નિજભાવ'માં વર્તે છે, નિર્વિકલ્પ સમાધિરૂપ અત્યંત સારું કેવળજ્ઞાનમાં છે તેવું જ પરમાર્થ સમકિત થાય છે. આત્માના અનુભવરૂપ શુદ્ધ નિર્વિકલ્પ દશા, સ્વસંવેદન હોય છે.

'આત્મા જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તેજ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તેજ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યક્‌ત્વ છે, એ શ્રી જિનનો અભિપ્રાય છે.'

આ રીતે શાંતભાવે સમજણપૂર્વક પરમકૃપાળુ દેવે જે ક્રમ જણાવ્યો તે અનુસાર વર્તવાનો નિર્ધાર કરી, તેમ કરવાથી, વર્તવાથી 'મોક્ષ પાટણ' સ્પષ્ટ સુલભ થાય છે. અંતરની ઈચ્છા એમ જ છે અમારા પ્રત્યે રાખેલ સ્નેહભાવનું આવું જ અનુભવરૂપ ફળ તને જલ્દીથી પ્રાપ્ત થાય. સર્વ જ્ઞાનીઓ અને મહાપુરુષોના આશિષ તને આવી મળો અને ફરીથી બળવાન અનુભવ કરી મને ખૂબ ખૂબ મુદિત કરશો.

એ જ

આત્મભાવે સસ્નેહે◆

સૌજન્ય : મોના શાહ, મુંબઈ

પ્રાર્થનાનું સ્વરૂપ

***ભગવાનને પ્રાર્થના અને પ્રાર્થનાનું બળ**

હે ગુપ્ત રહેલા કરૂણાસાગર! આપનો કેવો મહાન ઉપકાર છે! આપે કરૂણા કરી જીવનાં કલ્યાણ અર્થે, તેના શાશ્વત્ સુખની પ્રાપ્તિ અર્થે કેવાં સત્સાધનો બનાવ્યા છે? અને તે સાધનો પણ સાદા, સરળ અને સુગમ હોવા છતાં ફળની અપેક્ષાએ કેટલાં સુંદર, ઉત્તમ અને અલૌકિક છે! કોઈપણ જીવ ઈચ્છે તો તેનો ઉપયોગ કરી સત્ય પુરુષાર્થ જરા પણ કષ્ટ વિના કરી શકે છે અને તેથી નીપજતો ઉત્તમ પરમાર્થ લાભ સહેલાઈથી પામી શકે છે.

કરૂણાસાગર પ્રભુએ બતાવેલા આ સાધનો સાદા, સરળ અને સુગમ હોવા છતાં ફળની અપેક્ષાએ ઉત્તમ અને અલૌકિક છે, પણ એ જીવને માટે જેની શ્રદ્ધા બળવાન થઈ છે. જેની શ્રદ્ધા બળવાન નથી થઈ અને 'હે પ્રભુ! કૃપા કર' એટલું વાંચે તો કહેશે આ તો આખી દુનિયા બોલે છે, કોઈને કાંઈ નથી પ્રાપ્ત થાતું. ભૂતકાળમાં એક વચન જે હજારોવાર સાંભળેલા હોય કે આરાધના કરી પણ હોય અને એ જ્યારે જ્ઞાની પાસેથી મળે ત્યારે મનમાં એક માત્ર વિચાર ન આવવો જોઈએ કે વર્ષોથી આ તો કરીએ જ છીએ, મને ખબર છે. તરત જ એ સ્વીકાર કરી લેવું કે હવે આનું પરિણામ કંઈ જુદું આવશે જ. પરમ કૃપાળુ દેવ કોઈ સત્સંગીને કહે છે, 'અમે જ્યારે તમને નવકાર મંત્ર બોલવાનું કહીએ ત્યારે એવો વિચાર નહીં કરવો કે અમારા બાપા ને દાદા અને અમે પણ નાનપણથી બોલતા હતાં, હવે તમે નવું શું આપ્યું છે?' તો શ્રદ્ધા તૂટી જાય છે. આ જ વચનો કંઈક વધારે મહત્વના છે અને એ જેટલા ભાવથી ગ્રહણ કરીએ અને શ્રદ્ધાથી બળવાનપણે ઉપયોગમાં લઈએ ત્યારે અદ્‌ભુત એવા પરિણામ ચોક્કસ આવે છે. ઉદાહરણ - અમારા ગુરુજી સાથે અમે દેવલાલીથી પાછા આવતા હતાં અને રસ્તામાં ગાડીનો એક્સીડન્ટ થવા જેવું લાગતું હશે તો ત્યાં આટલું જ વાક્ય કહ્યું હતું, 'હે પ્રભુ! જલ્દી જલ્દી રક્ષા કરજો, જલ્દી જલ્દી સાથ આપજો.' બેઠેલાં ચારે જણા ગુરુજીની સાથે આ બોલતા હતા. એક વ્હીલ નીકળી ગયું અને થોડેક દૂર સુધી ગાડી ત્રણ વ્હીલ ઉપર ચાલી, પડી નહીં, પછી ગાડી સ્ટોપ થઈ અને બધા ઉતરી ગયા. જ્યારે માર્ગની બળવાન શ્રદ્ધા થાય, મંત્ર અથવા વાક્યો આપનાર ઉપર બળવાન શ્રદ્ધા થાય તો એનું કેટલું આશ્ચર્યકારક ફળ મળે છે.

પ્રેમ, શ્રદ્ધા અને ભાવનાને અધિક બળ આપવા માટે આપે પ્રાર્થના બતાવી છે. આપે વચન આપ્યું છે કે સાચા મનથી કરેલી પ્રાર્થનામાં જે માગશો તે મળશે. હે પ્રભુ! આ પણ કેટલું આશ્ચર્યકારક છે!

ભગવાન બધા પ્રોમીસ પાળે છે, ટાળતા નથી. સાચા હૃદયથી જે કંઈ પ્રાર્થના કે વિનંતી પ્રભુને કરવામાં આવે છે તેનું ચોક્કસ ચોક્કસ ફળ મળે છે. પ્રભુ પાસે શું છે અને શું માંગવું જોઈએ? એટલી સમજણ હોવી જોઈએ. પ્રભુ પાસે જે નથી એટલે સંસાર, એ માંગીએ તો ન મળે. એની પાસે સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર, આત્માની અદ્‌ભુત દશા છે માટે એની પાસે એ પ્રાર્થનામાં માંગીએ તો મળે. આ બધી જગ્યાએ પાછાં કર્મના રહસ્યો રહેલા છે. આત્માનાં ભાવથી જે કંઈ પરમાર્થની માંગણી કરશો, વારંવાર જે ભાવ કરીએ તો નિકાચીત શુભકર્મોનું બંધન થાય તો

પછી પરાણે મોક્ષે જવું પડે.

દરેક સ્તોત્ર કે પ્રાર્થનાની અંદર ભગવાનનાં ગુણગાન અને કીર્તન કર્તવ્ય છે અને એ કરતાં તે ગુણોની મને પ્રાપ્તિ થાય એ પણ ભાવ જોઈએ. આપણામાં આત્મિકગુણો પ્રગટ થાય કે ભગવાનની ઓળખાણ થાય, એમનાં લોકોત્તર ગુણોનું દર્શન થાય એ લક્ષે આ પ્રાર્થના અને વિનંતી છે. ભક્તામર સ્તોત્રની અનેક ગાથાઓમાં મંત્ર ગુંથેલા છે. આજે તો સાંસારિક રીતે દર્દો માટે, આર્થિક અવ્યવસ્થા હોય એના માટે, ભૂત પ્રેત હોય તો એનાં માટે એ મંત્રોનો ઘણી જગ્યાએ ઉપયોગ થતો હોય છે. મોટા પુરુષો સંસારના પ્રોબ્લેમ સોલ્વ કરવા મંત્ર આપે છે તો પછી આત્મિકગુણો ક્યાંથી પ્રગટ થાય ?

પ્રાર્થના એ કોઈ ઉત્તમ, પરોપકારી, આત્મોપલબ્ધિ પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. પ્રાર્થના એટલે ભગવાનની ઓળખાણ, ભગવાનના દિવ્ય સ્વરૂપનું સ્પષ્ટ જાણપણું, ભગવાનના લોકોત્તર ગુણોનું દર્શન. પ્રાર્થના એટલે તે દિવ્ય સ્વરૂપ અને લોકોત્તર ગુણોમાં હૃદયથી પ્રીતિ-આસક્તિ. પ્રાર્થના એટલે તે પ્રીતિ-આસક્તિના બળના શીતળ તેજથી હૃદય ઝળહળી ઊઠી પ્રશસ્ત રાગયુક્ત ભાવોર્મિનું ઉછળવું અને અનુપમ શબ્દો દ્વારા પ્રકાશિત થવું. પ્રાર્થના એટલે તેવી ભાવવિભોર દશામાં કોઈવાર ચિત્ત શાંત થઈ જતાં તથા મન અંતરનાં ઊંડાણમાં ઉતરી વિલીન થતાં ભગવાનને અનુભવથી મળવું અર્થાત આત્મપ્રભુનો ભેટો થવો.

ભગવાન પ્રત્યે સંસારમાં જેને રાગ કહીએ છીએ એવો રાગ થવો જોઈએ એટલે કે પ્રીતિ અથવા આસક્તિભાવ.

પરમાત્માનો આત્મા પરમશુદ્ધ, સર્વકર્મમળથી રહીત છે. આવી સમજણ સાથે જ્યારે પ્રાર્થના, ભગવાનનાં ગુણોનું ચિંતવન, મનન વિગેરે ચાલતું હોય તો એ ગુણો ક્રમસર આપણામાં પ્રગટ થાય અને જ્યારે એ આત્મદર્શન કહેતાં સમકિતનો અનુભવ થાય ત્યારે એમ કહેવાય ભગવાનનો ભેટો થઈ ગયો.

પ્રભુ પાસે શું છે અને શું માંગવું જોઈએ ? એ સમજણ હોવી જોઈએ. પ્રભુ પાસે સંસાર નથી, એ માંગીએ તો ન મળે. પ્રભુ પાસે આત્માની અદ્‌ભુત દશા છે માટે એ પ્રાર્થનામાં માંગીએ તો મળે.

પ્રાર્થનાની પહેલી અવસ્થા

આ પહેલી અવસ્થા ક્ષમાપના કરવારૂપ છે.

અહીં ભક્તે ભગવાનની પ્રતિમા અથવા ચિત્રપટ સન્મુખ બે કર જોડી વિનમ્રપણે શાંતિથી બેસવું અને ભગવાનનાં નયનમાં દ્રષ્ટિ સ્થિર કરવી. અભ્યાસથી દ્રષ્ટિ સ્થિર થતાં જે ચમત્કારિક અનુભવ થાય તે જોયાં કરવું. શરૂમાં ચિત્તમાં વિકલ્પો ઉઠશે, અકળાવશે અને અભ્યાસ છોડી દેવાનાં વિચાર સુધી ખેંચી જશે, પરંતુ તેથી નિરાશ ન થવું, ધૈર્યનો ત્યાગ ન કરવો, વિકલ્પો જવા માટે આવે છે એમ માની શ્રદ્ધાબળ વધારી ધીરજનો આશ્રય કરવો. વિકલ્પોની નિવૃત્તિ માટે સરળમાં સરળ ઉપાય એ છે કે વિકલ્પ આવે અથવા આવે છે એવું અંદરમાં ભાન થાય ત્યારે તેની સામે રૂડો ''શાંતિ'' શબ્દ ઉચ્ચારવો. તેથી વિકલ્પ તત્કાળ દૂર થશે. વારંવાર ''શાંતિ'' શબ્દ બોલવો પડે તો તેમ કરવું. આમ વિકલ્પોના દ્રષ્ટા થવાથી તે નિરાધાર થશે અને આખરે તેનું બળ તૂટતા જતાં રહેશે. થોડા કાળના અભ્યાસથી આખરે મન શાંત થતું જતું અનુભવાશે.

ધ્યાનની અનેક શિબિરો લોકો વર્ષોથી કરતાં હોય છે. બાહ્યથી તો અત્યંત શાંતિ, કષાયોની ઉપશાંતતા જીવનમાં લાગે છે પણ અંતરનાં ઊંડાણમાંથી પૂરેપૂરો સંતોષ હોતો નથી. વર્ષો સુધી આ આરાધના કર્યા છતાં વિચારો, વિકલ્પો આવ્યા જ કરે છે. જગતનાં લોકો યોગથી એટલે મન, વચન, કાયાથી આરાધના કરે છે અને યોગથી થતી ક્રિયાઓની

અંદર દેહનાં નાશવંતપણાનો બળવાનભાવ હોવાથી શ્રદ્ધાની કચાશ નિરંતર ચાલ્યાજ કરે છે.

મહાવીર અને કૃપાળુદેવની જ્યારે વાત કરીએ ત્યારે યોગથી આરાધના કે સાધના ન કરતાં આત્માથી કરવામાં આવે છે અને આત્માથી જે કરવામાં આવે એ આત્માની સાથે જાય એટલે કે નિત્યની સાથે જાય. તો આ ભવની જે કંઈ આરાધના અધૂરી રહેતી હોય એ પછીનાં ભવની અંદર પરિણામ લાવે. કૃપાળુ દેવનાં ભવની અંદર કૃપાળુદેવની અદ્‌ભુત દશા, સાક્ષાત પરમાત્મા કે ઈશ્વર એવી દશા છે. તે એક ભવની દશા ન હોઈ શકે. ૨૫૦૦ વર્ષથી ભગવાન મહાવીરના શિષ્ય હતાં ત્યારથી જે આરાધના કરતા હોય એના ફળરૂપે છેલ્લે આ દશા ચોક્કસ પ્રાપ્ત થાય છે. એ જ ભવની અંદર છેવટની દશા કોઈપણ સંજોગોમાં પ્રાપ્ત ન થાય અને ભવિષ્યમાં પ્રાપ્ત થશે એની પ્રતીતિ આ ભવમાં ચોક્કસ મળે, એવો દૃઢ નિશ્ચય રાખવો.

ભક્તે ભગવાનની પ્રતિમા કે ચિત્રપટ સન્મુખ બે હાથ જોડી વિનમ્રપણે શાંતિથી બેસવું. ભગવાનનાં નયનમાં દ્રષ્ટિ સ્થિર કરવી.

ભગવાનના કે કૃપાળુદેવના ચિત્રપટ સામે બેસીએ કે તરતજ એમનાં અદ્‌ભુત ગુણો આપણી નજરની સામે તરવા જોઈએ. મન, વચન, કાયાની અર્પણતા કહીએ, પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા એવા હૃદયનાં ભાવો ઉછળતા હોય અને પછી વિનમ્રપણે બેસી ભગવાનનાં નયનમાં દ્રષ્ટિ સ્થિર કરવી.

અભ્યાસથી દ્રષ્ટિ સ્થિર થતાં જે ચમત્કારિક અનુભવ થાય તે જોયા કરો. વારંવાર આંખની પાંપણો બંધ થઈ જશે. એક નજરે જોતાં આંખમાંથી પાણી આવશે, આંખો બળવા માંડશે અને ઝાઝીવાર એક નજરે જોઈ નહીં શકાય. પ્રેક્ટીસ કરવામાં આવે તો શરૂઆતમાં આઠ-પંદર દિવસ અડધી સેકેંડ આંખ ઉઘાડી રહે અને પ્રેક્ટીસ કરતાં જ રહીએ તો ચોક્કસ લાંબા સમય સુધી આંખો સ્થિર થઈ શકે. આ સ્થિરતા આવે ત્યાર પછી અદ્‌ભુત ચમત્કારિક એવા રહસ્યો જીવને ચોક્કસ અનુભવમાં આવે છે. ચિત્રપટ કે મૂર્તિ જોઈએ તો અત્યંત એવો પ્રકાશ દેખાય, મૂર્તિ ન દેખાય. અંતરમાં રહેલાં કષાયો જેટલાં શાંત તે વખતે થયેલા હોય, વિચારો ન હોય તો એને અનુરૂપ ચિત્રપટ કે મૂર્તિની બાઉન્ડરીમાં પિતાંબર, પદ્મ અને શ્વેત રંગ દેખાય. ક્યારેક વાયોલેટ અને ગ્રેઈશ એવા બે ભાગમાં વહેંચાઈ જાય. એમાં આપણી દશા અને આપણે વિકાસ કરીએ છીએ એ ચોક્કસ ખબર પડે. આવા અનુભવનું ફળ શું મળશે એ ન સમજાય તો પ્રાર્થના કરવી, 'પ્રભુ મારા જ્ઞાનમાં મને સ્પષ્ટ સમજાય એવા અનુભવ કરાવો.' તો પછી જે જે અનુભવ થશે એ આપણાં જ્ઞાનમાં પ્રકાશિત થશે.

પરમાત્માનો આત્મા પરમશુદ્ધ, સર્વકર્મમળથી રહીત છે. આવી સમજણ સાથે જ્યારે પ્રાર્થના, ભગવાનનાં ગુણોનું ચિંતવન, મનન વિગેરે ચાલતું હોય તો એ ગુણો ક્રમસર આપણામાં પ્રગટ થાય.

શરૂઆતમાં મહિનાઓ સુધી વિકલ્પો ઉઠશે, અકળાવશે, અભ્યાસ છોડી દેવાના વિચાર સુધી ખેંચી જશે. જ્યાં શાંતિથી બેઠા ત્યાં મહિનાઓ કે વર્ષો સુધી સંસારમાં જે વસ્તુનાં વિચાર નહીં કર્યા હોય એવા વિચારો પહેલા હાજર થશે. ગમે તેવી બળવાન શ્રદ્ધાને તોડી નાખે એવા વિકલ્પો જીવને ચોક્કસ હાજર થાય છે પણ 'આ દેહથી ભિન્ન હું આત્મા છું, વિકલ્પો જડ છે, દેહ જડ છે' એ જગ્યાએ નિરાશ ન થતાં આત્માનાં એકત્વ, નિત્યત્વ ઉપર વધારે લક્ષ કરી બળવાનપણે પુરુષાર્થ કર્યા જ કરવાનો રહે છે. વિકલ્પો જવા માટે આવે છે એમ માની શ્રદ્ધાબળ વધારી ધીરજનો આશ્રય કરવો.

ગમે તેવા વિકલ્પો આવતાં હોય એ વિકલ્પની સાથે ન જોડાવું, નહીં

તો એ શ્રદ્ધાને ધીરે ધીરે કોરી ખાય. જેના પ્રત્યે અનન્ય પ્રેમભક્તિ હતી ત્યાં દ્વેષબુદ્ધિ પણ ઉત્પન્ન થઈ જાય. શ્રદ્ધાનો મૂળભૂત સ્વભાવ અસ્થિર છે, ત્રણે કાળમાં સ્થિર ન રહી શકે, કાં એને ઉતરવુ પડે, કાં એને ચડવું પડે. 'હું આત્મા છું, કોઈ સગાસંબંધી કે દેહમાત્ર મારો નથી' એવી અંતરમાં શ્રદ્ધા અને પુરુષાર્થ ચાલે તો જ મોટા કલ્યાણનું કારણ થાય. શ્રદ્ધાને તોડી નાખવાનાં તો હજારો કારણો વારંવાર મળ્યા કરવાનાં છે કારણ કે અનાદિકાળથી અત્યારસુધી જે જે ભાવો કરેલાં છે એ તો સંસારનાં જ ભાવો છે. એ જગ્યાએ બળવાનપણું રહેવું જોઈએ કે મહાવીર, કૃપાળુદેવનો માર્ગ અદ્‌ભુત છે; આ ભવમાં પ્રતીતિ મળે કે આત્મા નિત્ય છે, હું નિત્ય છું. જ્યાં સુધી જીવને આત્માનું નિત્યત્વ ફીલ ન થાય ત્યાં સુધી પુરુષાર્થ પણ શું કરશે ?

વિકલ્પોની નિવૃત્તિ માટે વિકલ્પ આવે અથવા આવે છે એમ લાગે ત્યારે મંત્રનું બળવાનપણે આરાધન કરતા એ વિકલ્પો ચાલી જશે. મન શાંત હોય તો જ વિચારો આવી શકે પણ મોઢામાંથી કાંઈ ઉચ્ચારણ ચાલતું હોય તો વિચારોને અટકવું જ પડે. આ પ્રોસેસ વર્ષો સુધી ચાલ્યા જ કરશે. બે ત્રણ મિનિટ શાંતિ રહે અને વળી પાછા અડધી મિનિટ, એક મિનિટ વિકલ્પ હાજર થાય. આ જગ્યાએ સૌથી વધારે ધીરજની જરૂર છે.

વારંવાર 'શાંતિ' શબ્દ બોલવો પડે તો તેમ કરવું. આમ વિકલ્પોનાં દ્રષ્ટા થવાથી વિકલ્પો નિરાધાર થશે અને આખરે તેનું બળ તૂટતાં જતાં રહેશે. થોડા કાળના અભ્યાસથી આખરે મન શાંત થતું જતું ચોક્કસ અનુભવાશે.

આપણે આરાધના કરીએ છીએ ત્યારે કોઈ આવી ગયું અને એનાં પ્રત્યે જે ગુસ્સો થઈ ગયો હોય એ યાદ આવતા તરત એવો જ ગુસ્સો મનમાં ચાલુ થઈ જાય. એટલે વિકલ્પો સાથે

કોઈપણ જાતનાં વિચાર કે વિકલ્પ વગર મન શાંત થયું તો ચોક્કસ અનુભવથી તમને લાગશે કે કોઈ ભવમાં નથી થયો એવો આ અનુભવ છે.

જોડાઈ વિકલ્પને બળ આપણે જ આપીએ છીએ. જો કટ કરીએ તો કટ થઈ પણ જાય છે. આખરે મન શાંત થાય છે. ત્રણ મિનિટની આત્માની નીરવ શાંતિનો જીવને ચોક્કસ અનુભવ થાય છે. કોઈપણ જાતનાં વિચાર કે વિકલ્પ વગર મન શાંત થયું તો ચોક્કસ અનુભવથી તમને લાગશે કે કોઈ ભવમાં નથી થયો એવો આ અનુભવ છે. આ જ જીવની પ્રતીતિ છે ને ભવિષ્યમાં ચોક્કસ ચોક્કસ આગળ વધાતું જવાશે.

પ્રમાણમાં ચિત્તની સ્થિરતા આવ્યા પછી પોતાના પૂર્વના દોષો, પાપો, ભૂલો અને અપરાધોનું સ્મરણ કરી પ્રગટપણે પ્રભુ સમક્ષ મુખથી બોલીને કહી જવા અને તે માટે ક્ષમાપના માંગી, માફ કરવા વિનંતી કરવી.

આત્માની આવી શાંતિ જીવને મળે નહીં ત્યાં સુધી અનંતકાળ સુધી જીવને પરિભ્રમણ કરાવે છે એવા જે દોષો એને જીવ ગુણ સમજીને પોષે છે. જ્યારે આવી શાંતિનો કે મૌનતાનો અનુભવ થાય, મન સ્થિર અને વિકલ્પ વગરનું હોય ત્યારે ઊંડી ગુફામાં રહેલાં જે કંઈ દોષો છે એ દોષો જે ભવોભવથી ગુણ લાગતાં હતાં તે હવે દોષ તરીકે દેખાય છે. આવા દોષોનું દર્શન જ્યારે થાય ત્યારે એ ગુરુના ચિત્રપટની સમક્ષ ઉચ્ચાર કરી, દોષોનું વર્ણન કરી તે માટે સાચા હૃદયનાં ભાવથી ભગવાનની પાસે માફી માગવાની રહે. સાથે સાથે ભવિષ્યમાં આવા દોષોનું ક્યારેય પણ સેવન નહીં કરીએ એ પ્રતિજ્ઞા મનની અંદર ચાલ્યા કરવી જોઈએ. આ એકજ મોક્ષનો માર્ગ છે અને એમ કર્યા વગર ક્યારેય છૂટકારો નથી, નથી અને નથી.

આ બધું કંઈપણ ગોપવ્યા વિના નિષ્કપટપણે અંતરનાં વિશુદ્ધ ભાવથી અત્યંત પ્રમાણિકપણે કરવું. આ અભ્યાસ દરરોજ બે વખત નિર્ણિત કરેલા ચોક્કસ સમયે ઉલ્લાસિત

ભાવથી કરવો. આ અભ્યાસથી કોઈ એક વખત આત્મપ્રદેશોને સ્પર્શીને સ્વદોષની આલોચનાનો અત્યંત બળવાન, રૂંવાડા ઊભા કરી દે એવો નિર્મળ, સત્ય, પ્રાયશ્ચિતભાવ સ્વયં આવી જશે; અને એ છે પરમ કૃપાળુ ભગવાનની અપ્રગટ કૃપા, કેમકે એ અનુભવના બળથી આત્મા કર્મોના ભારથી હળવો થાય છે, મહાબંધનથી છૂટે છે અને તેને પાવનકારી કલ્યાણને ભેટવા માટે સુઅવસર પ્રાપ્ત થાય છે.

મોઢેથી ઉચ્ચાર કરી એ દોષો જ્યારે ભગવાન સ્વરૂપ એવા પુરુષને અત્યંત સ્પષ્ટપણે કહેવામાં આવે ત્યારે એ દોષ બહાર નીકળી જાય છે, સહજ રીતે ટળી જાય છે. આ પ્રેક્ટીસ દિવસમાં બે વખત નક્કી કરેલા ચોક્કસ સમયે ઉલ્લાસિત ભાવથી કરવી જોઈએ.

આ રીતે જો પ્રેક્ટીસ કરવામાં આવે તો અંતરનાં ઊંડાણમાંથી આત્માને સ્પર્શી સાચી એવી ક્ષમાપના થાય અને જીવને અદ્‌ભુત અદ્‌ભુત આશ્ચર્યકારક એવો અનુભવ થાય. એ અનુભવ થાય ત્યારે અનંતા અનંતા કર્મોની ચોક્કસ નિર્જરા થઈ હોય અને જીવને એવી હળવાશ લાગે કે જેની કોઈ વાત નહીં. આવા અનુભવ અત્યંત સહજ રીતે પોસીબલ છે. અદ્‌ભુત એવો અનુભવ થઈ જાય પછી માનભાવ, અનેક લોકોને કહેવાનું, પુરુષાર્થની મંદતા અને ફરીથી કર્મો બંધાય અને આવરણ જરૂર લાગે. ત્યારે જીવને લાગે કે જે અનુભવ થયો હતો એ સાચો હતો કે ખોટો ? આ શ્રદ્ધા પરિણામી સ્વભાવવાળી છે. વધઘટ થયાં જ કરે તો કોઈ કારણસર ઘટે નહીં એ અત્યંત અત્યંત જરૂરી છે. જીવની સાચી યોગ્યતા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની થઈ ચૂકી હોય તો

રાગ અને દ્વેષથી જેટલું જેટલું રહિત થવાય એટલું એટલું આપણે પોતે પરમાત્મા તરફ પ્રયાણ કરી શકીએ છીએ.

અનંતકાળમાં જે પ્રાપ્ત નથી થયું એવો અનુભવ જીવને થાય છે.

આ અવસ્થામાં સ્વદોષદર્શન કરવાથી અને તે પ્રભુ પાસે પ્રગટ કરવાથી તથા હૃદયપૂર્વક ક્ષમા યાચવાથી, તેના આત્માની મલિનતા દૂર થાય છે; અને તે હળવો, નમ્ર અને લઘુ બને છે; તેનામાં કેટલાક અંશે અનુકંપા અને સમતા પ્રગટી, આત્મજાગૃતિ આવે છે.

સંસારનાં ગમે તેવા કાર્યો કરતાં આત્મકલ્યાણનું કારણ થાય એ રીતે આ મનુષ્યદેહે પુરુષાર્થ અત્યંત અત્યંત જરૂરી છે. જીવની જેમ જેમ સમજણ શક્તિ વધે છે એ પ્રકારે એને સાચા ભગવાન ધીરે ધીરે ઓળખાય છે. પરમ કૃપાળુદેવનાં જ્ઞાનને લાખ લાખ વંદન હો! કેવી અદ્‌ભુત અદ્‌ભુત રીતે ક્ષમાપનાની, સત્ પરમાત્માની આપણને ઓળખાણ કરાવે છે. સર્વકર્મથી રહિત એવો આત્મા એ જ ઈશ્વરનું સ્વરૂપ છે. રાગ અને દ્વેષથી જેટલું જેટલું રહિત થવાય એટલું એટલું આપણે પોતે પરમાત્મા તરફ પ્રયાણ કરી શકીએ છીએ. કૃપાળુદેવની ભક્તિ કરતાં હોઈએ તો લક્ષ એક જ જોઈએ કર્મથી રહીત કેમ થવાય. જેમ જેમ દોષોનું પ્રાયશ્ચિત, આલોચના કરતાં કરતાં એ દોષો ટળે ત્યારે જીવને આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાય. પરમકૃપાળુ દેવ, ભગવાન મહાવીર તેમનો પ્રરૂપેલો ધર્મ - આત્મધર્મ જેમ છે એ રીતે આરાધવામાં આવે તો છેવટની દશાની પ્રતીતિ આ ભવમાં મળી રહે. આ આત્માનું કલ્યાણ થાય એ જ લક્ષે તમારી સાક્ષીએ અનંતકાળનાં પરિભ્રમણની અંદર જે જે દોષો થયા છે એ સર્વ દોષોની હું ક્ષમા માંગુ છું. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

वचनामृत पत्रांक ४१६

ध्यान के बारे में परम कृपालु देवने इस पत्रमें अलग अलग पद्धतियाँ बताई है। ध्यान का स्वरूप सहज, सरल और सुगम है। ध्यान के कई प्रकार है और उन सब में से श्रेष्ठ ध्यान वह है जिसमें आत्मा मुख्य रूप से होता है। इस आत्म ध्यान की प्राप्ति आत्मज्ञान से ही होती है और आत्मज्ञान, यथार्थ बोध जब मिलता है तब संभव है अन्यथा नहीं। यह यथार्थ बोध की प्राप्ति का मुख्य मार्ग उन बोधस्वरूप ज्ञानी पुरुष का आश्रय या संग और उनके प्रति बहुमान या प्रेम है।

ज्ञानी पुरुष का संग जीव को अनंतकाल में बहुत बार हो चुका है। तथापि यह पुरुष ज्ञानी है इसलिये अब उससे आश्रय करना यही कर्तव्य है, ऐसा जीव को कभी नहीं लगा।

ज्ञानी पुरुष जो मोक्ष के दाता हैं, सर्व कर्म का नाश कर सके वैसे शक्तिमान हैं। वह पिछले जीवन में कई बार हमें मिल चुके हैं, मगर उस समय उन्हें हम पहचान नहीं सके। जिनके माध्यम से कर्म का क्षय हो सकता है, मोक्ष का मार्ग मिल सकता है, संसार हर तरह से अच्छे से अच्छा हो सकता है, उनके पास आकर स्वार्थ स्वभाव के वशीभूत होकर शुद्र से शुद्र वस्तुओं की मांग करते हैं। हमें यह भी मालूम नहीं कि उनके पास से क्या मिल सकता है और मैं क्या मांग रहा हूँ। कई बार ऐसे पुरुष मिल जाते हैं, हो सकता है इस जीवन में आगे भी मिल जायें, मगर हमारी आंतरिक इच्छाएं, वासनाएँ उनके कारण हम संसार ही मांग बैठतें हैं। जिसने संसार त्याग दिया है उनसे आप संसार माँग रहे हैं। बस यही गलती कई जन्मों से चली आ रही है।

यह पुरुष ज्ञानी है इसलिये इनका आश्रय ग्रहण करना यही कर्तव्य है ऐसा कभी नहीं जाना। जिंदगी भर उनके आश्रय में रहना है, उनकी आज्ञा का पालन करते हुए, हमारी हर बात को भूल जाना, अपने मन से कुछ भी सोचना नहीं, उन्होंने जो आपको कहा – उसी पर सोच – विचार कर अमल करना है। जीवनभर तन–मन–धन–वचन–काया सब कुछ उनको अर्पण कर देना चाहिये। जब ऐसा होता है तब ज्ञानी से यथार्थ बोध मिलता है और यथार्थ बोध से आत्म ज्ञान प्राप्त होता है, आत्म ज्ञान से आत्मध्यान लगता है, आत्मध्यान से आत्म समाधि लगती है, आत्म समाधि से ईश्वरत्व प्राप्त होता है... यह जो अनुक्रम है वह शत प्रतिशत सही है।

६० या ८० साल की उम्र में वह सब प्राप्त नहीं हो सकता। उसे प्राप्त करना हो तो कम से कम पाँच से सात जन्म चाहिये। ''मैं आत्मा हूँ, अमर हूँ, मेरी मृत्यु नहीं होती है, जैसे रोज

कपड़े बदलते हैं वैसे शरीर बदलुंगा मगर आत्मा तो वही रहेगा। मेरा पुरुषार्थ और विश्वास निरंतर मन के अन्दर चलता रहेगा''। ऐसा दृढ़त्व प्राप्त करना चाहिये कि कई जन्मों तक आत्मा से पुरुषार्थ करवाना है। शुरुआत आज करेंगें वो आगे भी जारी रहेगा।

ज्ञानी पुरुष को अच्छी तरह से पहचाना नहीं इसी कारण से ये परिभ्रमण अनादिकाल से आज तक चल रहा है और जब तक सही समझ नहीं होगी, तब तक कल्याण का कारण हो ही नहीं सकता। कठिन यह है कि समय लगता है। संसार में जो भी काम करते हैं उसका दो या पाँच साल में आपको परिणाम मिलता है। जबकि यहाँ पर पन्द्रह से बीस सालों में भी आप जैसा चाहेंगे वैसा परिणाम नहीं मिलेगा तो आपको निराशा होगी कि सालों से कर रहा हूं, कुछ नहीं मिला, अब नहीं करना।

ज्ञानीका आश्रय याने जीवनभर तन-मन-धन सब कुछ उनको अर्पण कर दे तब ज्ञानी से यथार्थ बोध मिलता है। यथार्थ बोध से आत्मज्ञान प्राप्त होता है, आत्मज्ञान से आत्मध्यान लगता है, आत्मध्यान से आत्मसमाधि लगती है, आत्मसमाधि से ईश्वरत्व प्राप्त होता है...

अब सबसे बड़ी बात यह है कि ज्ञानी पुरुष को हम आज तक क्यों नहीं पहचान सके? और उसमें भी तीन दोष बताये गये हैं।

१. अल्प भी माया या संसार के प्रति राग हो अथवा संसार के सुख की ईच्छा हो;

२. परम दैन्यता की कमी;

३. पदार्थ का अनिर्णय

पदार्थ मतलब ''आत्मा''। आत्मा के बारे में दृढ़ निश्चय कि आत्मा का स्वरुप ऐसा है। तीर्थंकर या भगवान आत्मा का साक्षात अनुभव करके आत्म स्वरुप हो चुके हैं, उन्होंने जो परिभाषा दि है वह मुझे स्वीकार है। यही आत्मा का निर्णय, पदार्थ का निर्णय है।

यहाँ पर और तीन दोष बता रहे हैं कि इतनी योग्यता आ गयी और उपर जो बात कही कि ज्ञानी पुरुष को किसी भी हालत में पहचानना है। वह किसी के कहने से नहीं, मगर उनकी गुरुता क्या है? वह जबतक न समझे तब तक ज्ञानी पुरुष की सही पहचान है वैसा नहीं कह सकते। आज हजारों लोगों ने कहा इसलिये सच होगा और हम मान लेते हैं। हमने स्वयं कभी नहीं परखा कि गुरु के क्या गुण होने चाहिये? ऐसे गुण के बारे में बार-बार सोचे तो वही गुण अपने में प्रगट हो सकते है। अगर हमारे अंदर २ प्रतिशत भी उस गुण की प्राप्ति हो, फिर हम तुलना कर सकते है कि मेरे में इतने प्रतिशत है और उनके पास ७० प्रतिशत है तो उनसे हमेंशा सलाह मशवरा करेंगे कि मेरे पास २ प्रतिशत है उससे २० प्रतिशत कैसे करुँ, २० का ५० प्रतिशत कैसे करुँ? परंतु हमें वास्तव में क्या चाहिये वही नहीं पता है। यदि कोई सद्गुरु, आत्मप्राप्त ऐसा पुरुष भी मिल गया तो उससे क्या मांगना यह भी पता नहीं है। कई जन्मो के संस्कार यही है कि संसार के अंदर जो भी है वही हम हमेंशा मांगते रहते है। हमे यह भी पता

नहीं है कि उनसे यदि सही बात समझे तो पुण्य प्राप्त होता है और इससे संसार शत प्रतिशत अच्छा होता है।

''सारी दुनिया जिसे पुण्य समझ रही है वह पुण्य नहीं पाप है।'' यहाँ बैठे सब लोग कुछ न कुछ धर्म करते होंगे, कहीं न कहीं मस्तक झुकाते होंगे और हाथ जोड़कर कुछ भगवान से मांगते भी होंगे। बड़े सेठ लोग बड़ा दान करते हैं, अतः उनकी धारणा होती है कि करोड़ो का दान दिया है तो बहुत पुण्य कमा लिया परंतु वे अंदर से दुःखी होते है। अब पुण्य हो तो दुःख तो नहीं होना चाहिये न? इसका मतलब यह हुआ कि सारी दुनिया धर्म और पुण्य कर रही है फिर भी वे मानसिक तौर पर अवश्य दुःखी हैं। पुण्य हो तो संसार के अंदर कभी भी दुःखी हो ही नहीं सकता। दुःख यदि होता है तो भी दुःख लगता नहीं है। हम समझते हैं कि मीराबाई बहुत दुःखी थी, दो कपड़े पहनकर रेगिस्तान में भटक रही थी। परंतु वह तो बिलकुल दुःखी नहीं थी। नरसिंह मेहता के पास खाने के लिये भी कुछ नहीं था, एक कोड़ी भी नहीं थी, घर का खर्च कैसे चलता था वह भी उनको नहीं पता था, वे मस्त थे। अतः वैसे देखने वालों को लगता है कि वे दुःखी थे परंतु सच्चा पुण्य वाला व्यक्ति कभी दुःखी हो ही नहीं सकता और दुःख हो तो भी दुःख महसूस नहीं होता है।

संसार के अन्दर जो भी हमारे गुण हैं और जो गुण अत्यंत ही अच्छे हैं वह परमार्थ के लिये सबसे ज्यादा नकारात्मक या नुकसान देय है। यह सबसे बड़ा दोष है।

ज्ञानी पुरुष को न पहचानने में जीव के मुख्य तीन महान दोष है। बहुत ही साधारण बात है पर बहुत ही गहराई से समझने की कोशिश करीयेगा। पहला, **''मैं जानता हूँ, मैं समझता हूँ'' – इस प्रकार का जो मान जीव को रहता है वह मान। दूसरा ज्ञानी पुरुष के प्रति राग की अपेक्षा, परिग्रहादि में विशेष राग और तीसरा लोकभय के कारण, अपकिर्तिभय के कारण और अपमान भय के कारण ज्ञानी से विमुख रहना। उनके प्रति जैसा विनयपूर्ण होना चाहिये वैसा न होना। यह तीन कारण हैं जो जीव को ज्ञानी से अनजान रखते हैं। ज्ञानी के विषय में अपने समान कल्पना रहा करती है; अपनी कल्पना के अनुसार ज्ञानी के विचार का, शास्त्र को महत्व दिया जाता है। थोड़ासा भी ग्रंथ के संबंध में, वांचनादि ज्ञान मिलने से अनेक प्रकार से उससे प्रदर्शित करने की जीव की इच्छा रहती है। इत्यादी जो दोष बताये वह तीन दोषों में समा जाते हैं और इन तीन दोषों का उपादान कारण तो सिर्फ 'स्वच्छंद' नाम का महादोष है और इसका निमित कारण असत्संग है।**

मैं यहाँ पर स्पष्ट बताना चाहता हूँ कि उपरोक्त दोषों में अभी आपको प्रेम रहता है। मैं जानता हूँ, मैं समझता हूँ यह दोष कई बार प्रवर्तन में रहता है। असार रुप परिग्रहादिक के प्रति महत्ता की ईच्छा रहती है। इत्यादि वे जो दोष हैं वह ध्यान, ज्ञान इन सबके कारणभूत ज्ञानी पुरुष और उनकी आज्ञा का अनुसरण करने में रुकावट पैदा

करते हैं इसलिये यथा संभव आत्मवृत्ति करके उन्हें कम करने का प्रयत्न करना और लौकिक भावना से, प्रतिबंध से उदास रहना, यह कल्याण के कारण हैं ऐसा समझते हैं।

अकसर यहाँ पर गलती यह होती है कि संसार के अन्दर जो भी हमारे गुण हैं और जो गुण अत्यंत ही अच्छे हैं वह परमार्थ के लिये सबसे ज्यादा नकारात्मक या नुकसान देय है। संसार में आपकी जितनी होशयारी है या आपकी जितनी निपुणता कहो या गुण कहो वह सब आत्म ज्ञान के लिये सबसे बड़े दोष हैं। इस विषय पर अभ्यास करो कि किस तरह से आपमें कौन सा गुण है; फिर सोचिये परमार्थ के लिये वह गुण किस तरह से सबसे बड़ा दोष है। परमार्थ जब कहते हैं तो ज्ञानी पुरुष को पहचानने में वह रुकावट पैदा करते हैं, बंधन कारक होते हैं। आप अपने गुणों के बारे में विश्लेषण करते रहीयेगा। यहाँ उदाहरण के तौर पर बताया जा रहा है कि 'मैं समझता हूँ।' हम जितने पढ़े लिखे हैं, जितने बुद्धिमान हैं तो छोटी सी बात तुरन्त समझ जायेंगे और समझने के पश्चात कहेंगे बराबर मेरी समझ में आ गया। इसी तरह अब जैसे मैं भी आपसे बात कर रहा हूँ तो आप लोग बराबर कहेंगे समझ में आ गया मगर आपकी और मेरी समझ आज जो है उनके सामने परम कृपालु देव की समझ की तुलना करीये। उनके पास सर्वज्ञता है, पूरे ब्रह्मांड के हर रहस्य को वह जानते हैं और वह जब कुछ बोलते हैं तो मैं तो सब समझ गया। परम कृपालु देव कहेंगे, 'तू समझ गया तो ठीक है, आगे मुझे कुछ नहीं बोलना।' वह चुप हो जायेंगे और हम लोग वंचित हो जायेंगे।

ज्ञानी जब बोध देते हैं तब अपना लक्ष्य यही होना चाहिए कि आपने जो कहा उसमें कुछ - कुछ समझ गया हूँ बाकी बहुत कुछ मुझे समझना शेष है। अगर आत्मा खुला रहेगा तो नई वस्तुए तुरन्त ही ग्रहण कर लेगा और जिस समय आपने कहा कि मैं समझ गया तो आत्मा बंद हो जायेगा।

संसार के अंदर जितनी चतुरता है उसका हम मानभाव करेंगे, अहंभाव करेंगे। इस अहंकार के साथ हम भगवान के साथ बात करे कि सब समझ गये तो एक पूर्णविराम आ गया। आपकी आत्मा के अंदर एक स्वचलित मशीन है, आपने जैसे ही कहा कि मैं समझ गया तो आत्मा आगे विचार नहीं करेगी। अतः आज बड़े संतो को इस ज्ञान की प्राप्ति इसलिए नहीं होती क्योंकि वह समझते है कि इतने सारे शास्त्र पच्चीस सालों से पढ़ता आ रहा हूँ और हज़ारो लोगों को व्याख्यान देता आ रहा हूँ आदि। यहाँ पर विचार यह होना चाहिए कि, ''हे भगवान! आपने जो कहा वह समझ गये और मेरी समझ बहुत ही अधुरी है, मुझे और समझना है। जैन धर्म के अंदर जिसको केवल ज्ञान कहते है, पूरे ब्रह्मांड को समझ सके वह ज्ञान कहते है, यह आखरी ज्ञान जब तक मुझे नहीं मिलता तब तक मैं नादान हूँ, मेरी समझ में नहीं आता, मुझे सीखना है, मुझे और सीखना है।'' आज तो हमारे पास पहला मतिज्ञान वह भी शुद्ध नहीं है फिर भी हम बड़ाई करते है कि मैं यह हूँ, मैं वह

हूँ। जो भी विशेषज्ञ है जैसे वैज्ञानिक, आर्किटेक्ट आदी वह अपने आप को बड़े समझते है परन्तु उनको ज्ञात होना चाहिए कि परम कृपालु देव की तुलना में देखेंगे तो वे कुछ भी नहीं है।

ज्ञानी पुरुषों से जब बातचीत होती है तो हमेंशा अपना लक्ष्य यही होना चाहिए कि जितना आपने कहा उसमें कुछ – कुछ समझ गया हूँ, बाकी बहुत कुछ मुझे समझना शेष है। अगर आत्मा खुला रहेगा तो नई वस्तुए तुरन्त ही ग्रहण कर लेगा। यदि आत्माको आप निर्देश देते हो वह तुरन्त ही उसका पालन करने लगेगा। कहते हैं कि हम जो दिन में सोचते है वही स्वप्न में दिखाई पड़ता है। आँखे बंद है, माथे पर चादर ओढ़ी है, अँधेरा है फिर भी स्वप्न में सब कुछ दिख रहा है। पाँचो ईंद्रियाँ वहाँ भी काम करती है, वहाँ आत्मा को छोड़ कर और कौन सी चीज़ है जो देख रहा है? इस तरह, जो भाव हम करते है वह तुरन्त ही रुप बदलकर कर्म के हिस्से में जुड़ जाते है। आत्मा के प्रवाहित जो भाव है वह परिवर्तित होकर कर्म के अंदर ठोस कैसे होते है? जिसको हम विवेक, नम्रता या लघुता कहते है वह यह है कि हाथ जोड़कर बैठना चाहिये कि इतना समझ में आया प्रभु! और क्या समझा रहे है। जितना भी ज्ञान ज्यादा प्रगट होता है तब भी वह भाव होना चाहिए। परम कृपालु देव अदभुत ज्ञानी होते हुए भी साधारण मानव की तरह उन्होंने व्यवहार किया पूरे जीवनभर।

प्रश्न यह है कि मान किसको कहते है? ''जो हम नहीं है वह दिखाते है या बताते है उसका नाम मान।'' अब उदाहरण दे कि आपके यहाँ बहुत बड़े लोग मिलने आते है और आप यह बताना चाहते है कि मैं भी गरीब नहीं हूँ तो किसी भी तरह आप घर को सजायेंगे, सब कुछ करोगे, किसी की घड़ी या हीरे की अंगूठी भी पहन लोगे जिससे आने वाले लोग कहे कि वाह यह पैसे वाला लगता है, बहुत गरीब नहीं है। तो यहाँ पर जो हमारा नहीं है वह दिखाने की कोशिश की, उसी को हम मान कहते है। उसी तरह हम आत्मा है, शरीर नहीं है। जो वस्तु हमारी नहीं है, उन पराई वस्तु को हम कहते है मेरी है, जो अत्यंत ही गलत बात है। आप कई जन्मों तक बोलते रहोगे कि शरीर मैं हूँ – शरीर मैं हूँ तो आत्मा को बूरा नहीं लगेगा? जो आपका नहीं है वही आप बार बार दोहरा रहे हैं कि वह मेरा है – मेरा है। जब तक हमे याद है कि मेरा नाम शरीरचंद्र है तो यह मेरा अहंकार हुआ। 'मैं आत्मा हूँ।' जब यह समझ में आ जाता है तब अहंकार नष्ट होता है। यह इतना सरल नहीं है परंतु इसका अभ्यास करना चाहिये। जब तक यह बड़ा दोष अहम्भाव का, अहंकार का, मैं समझता हूँ, मैं जानता हूँ, मैं कुछ हूँ, हमारे अन्दर रहेगा तब तक ज्ञानी पुरुष आत्मा का मर्म या रहस्य आपको नहीं दे सकते। जब इतनी सरलता, सहजता, निर्मलता आपको प्राप्त हो जाती है तभी ज्ञानी समझेंगे कि आप आत्मा का मर्म समझने के सुपात्र हैं यानि आपको जो कुछ भी समझाया जायेगा वह आत्मसात कर सकेंगे। ◆

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के पत्रांक ४१६ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

Patrank : 194

***Mumbai, Posh, 1947**

***Why has Jeev not found the Path?**

***Reflecting on this again and again, whenever you feel appropriate, read the enclosed letter.**

Param Krupaludev has written this letter to Prabhushri, to whom HE has revealed the topmost secrets of the Path in the letters sent to him.

"Why has the Jeev (soul) not found the Path?" One should reflect on this question only, again and again, for years depending on the intellectual capability and understanding. Since time immemorial, our soul has been transmigrating in the cycle of birth and death. Why is this cycle not stopping? Is there a way out? Unless and until a Jeev realizes that the cycle has to break, how can he ever think about his soul? He has been indulging in all sorts of activities in the name of religion such as going to temples, study of scriptures, praying devotedly, renunciating the world and performing severe austerities etc. and believes that as a result, he will have a much better worldly life by way of good family, wealth etc. But there may be just a handful who think that the fruits of religious activities ought to be breaking the cycle of birth and death or having the courage to take a pledge that hereafter I do not want to be born. Unless the soul doesn't think in this manner, how can the Path be found?

A true aspirant who desires to make this human birth successful ought to think and rethink as to what is the reason for me not finding the true Path of liberation? Reflect upon the religious activities performed in this birth and think that in spite of doing all this, why have I not yet found the true Path? A Jeev will then realize that there is one reason as to why he has not found the true Path and this is what Param Krupaludev reveals to Prabhushri.

In varied faiths, people have worshipped different Gods, performed bhakti etc. but which

A true aspirant who desires to make this human birth successful ought to think and rethink as to what is the reason for me not finding the true Path of liberation?

is the true Path of liberation has never been thought by a Jeev because there has not been a knowledgeable One since Lord Mahavir who has known this Path. If at all there were those who knew it, they did not possess the required powerful capability to explain it to others. But we are fortunate to have Param Krupaludev who had the necessary intrinsic worth and a powerful capability. HE is telling Prabhushri that you ought to reflect upon it again and again and whenever Prabhushri feels so, only then he should read the enclosed letter.

***Our state is presently not such that We (Param Krupaludev in most of HIS letters does not use the expression "I" in first person for HIMSELF but "We" in third person respectfully for HIS own soul) can write or suggest much, but so that your mental agitations may probably get subdued, whatever We feel appropriate at this moment, We are writing to you.**

***We feel the Path is simple but finding an opportunity for it is difficult.**

Why is Param Krupaludev saying that "our state is presently not such that We can write or suggest much"? Param Krupaludev has recently experienced "Shuddh Samkit" i.e. self realization (an experience of pure soul) and all HIS bodily and mental activities have gone silent so the soul is not willing to perform those activities due to it having experienced its pure state. Even then HE says, "so that your mental agitations may probably get subdued, whatever We feel appropriate at this moment, We are writing to you".

The Path of liberation or the process involved in it or what is to be done by you and me is innate, easy, understandable and everyone can do it. The question however is, what is difficult? And the answer is, the opportunity or the prospect of finding it. Everybody says renunciate the world and perform severe austerities but we haven't heard directly from a self realized person that the Path is so easy. The Path is not difficult but to find a Self Realized One, to remain in contact with Him is very very difficult. Since time immemorial, we have not found such a One. Even if we do meet such a One, we don't have the intelligence to recognize and believe Him and harbor doubts about Him. After Lord Mahavir, for a long time there has not been anyone as powerful and as capable as Param Krupaludev. Anandghanji or Amrutchandraji were equivalent to HIM in terms of Knowledge but the powerful capability of expressing in simple language by Param Krupaludev is incomparable and for this reason, HE courageously says that the Path is simple. In Patrank 76, HE has said, "Don't seek anything except a Satpurush (self realized) and surrender unto His lotus feet all your acts, thoughts, feelings…. and if you don't get liberated, come to me". Even Prabhushri used to say that if you are devoted to Param Krupaludev and do not achieve self realization, I stand surety for you.

***SALUTATIONS TO THE SATSWAROOP WITH AN UNDIFFERENTIATED FEELING AND INTENSE DEVOTION**

The Path of liberation is not difficult but to find a Self Realized One, to remain in contact with Him is very very difficult.

The uniqueness of a Gyanipurush is that while living in this World, from within He remains completely detached to all his inner feelings and remains equipoise.

Prior to revealing the top secrets of the Path to Prabhushri, Param Krupaludev bows to HIS own pure soul and offers Salutations with devotion.

If a Jeev has the necessary potential, then he won't have many births after this one, meaning he will find his soul and put complete end to the transmigrating cycle in next few births.

***Unless one has unwavering love and devotion towards the lotus feet of a Gyanipurush (self realized) who is constantly moving about with complete detachment and having experienced an iota of Truth, the soul cannot be found. Having experienced thus, an aspirant who is devoted to that One, reaches the same state as HIM. This Path has been followed by all Gyanis in the past, is being followed in present and will be so in future. We experienced self realization in this manner.**

How does one recognize a Gyanipurush is a question posed by many aspirants and some others demand proof. Here Param Krupaludev provides a definition of such a Gyanipurush..... "One who is constantly moving about with complete detachment".

Now, we all know that whenever any kind of feeling arises within, subtle particles (called vargana which form karmas) are attracted towards the soul and get bonded with it as karmas. An ordinary person right from his birth till death constantly indulges in all sorts of bhaav or feelings leading to formation of karmas. Even if a Jeev indulges in religious rituals or activities, he can't escape from such karma bondage and it cannot be said to be "atma dharma" as it does not lead to shedding of karmas (and consequently ending the cycle).

Now let us understand how does a Gyanipurush behave? The answer is "with complete detachment". None of his bhaav or feelings lead to karm bondage. Against the negative feelings of anger etc. which arise within Him, He counters them by positive feelings of forgiveness etc. neutralizing them and thus shedding karmas. The uniqueness of a Gyanipurush is that while living in this World, from within He remains completely detached to all his inner feelings and remains equipoise. At every moment, He is shedding karmas without forming new ones and is devoid of feelings which lead to strong karm bondage. When we form karm bondage, it leads to undergoing many births but a Gyani's uniqueness is His ability to deal with karmas in this birth itself in a manner which takes Him close to Liberation. The intensity and duration of His karm bondage is so minimal that He is constantly shedding past karmas. When it is said that "a Gyani does not indulge in karm bondage", it is to be remembered that this is a relative statement because principally, even a Kevali (liberated soul) indulges in karm formation (which are shed instantly)**..... *Contd.***

Aum Shanti: Shanti: Shanti:

Note: This translation and edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

* Indicates textual material

પ્રશ્નોત્તરી



Q વાંચન વખતે વિચાર આવ્યો હોય એમાં મને પરમ કૃપાળુ દેવનો આશય સમજાયો છે કે એ સમજણ મારી મતિકલ્પના છે એ કેવી રીતે ખબર પડે ? જો એ મતિકલ્પનાથી સમજાયો હોય તો વિશેષ અલગ નયથી સમજવા માટે શું કરવું જોઈએ ?

વાંચનનો અર્થ એ થાય છે કે જે વાંચેલું છે એ જીવનમાં ઉતરવું જોઈએ, એટલે કે ચારિત્રમાં આવવું જોઈએ. પરમ કૃપાળુ દેવે કે જ્ઞાનીપુરુષે જે કંઈ લખેલુ હોય એ જ્યારે વાંચીએ અને સારી રીતે સમજીએ તો એ વર્તનમાં ચોક્કસ આગળ પાછળ આવે જ. એક બીજી વાત... પર્યુષણમાં ધર્મસ્થાનકોમાં ભગવાન મહાવીરના શાસ્ત્રોનું વાંચન થતું હોય છે. દર વર્ષે લોકો એ સાંભળવા જાય છે. વર્ષો સુધી એ સાંભળ્યા પછી કોઈને પુછવામાં આવે કે આને વિશેષ પ્રકારે સમજાવો, તો એકેય નહીં સમજાવી શકે. કહેવાનો આશય એ છે કે જ્ઞાનીપુરુષ (પરમ કૃપાળુ દેવ જેવા) મારફત સંભળાયેલા વચનોથી જીવનમાં ચોક્કસ ફેરફાર આવે છે. એવું નથી કે આજે વાંચો કે સાંભળો અને કાલે ફેરફાર આવી જાય, પણ અંદરમાં પરિવર્તન શરૂ થઈ જાય છે અને આવતા બે-ચાર ભવોમાં ચોક્કસ પરિવર્તન આવે છે.

જો વર્તનમાં ન આવતું હોય તો ચોક્કસ અજ્ઞાનીનું લખેલું કે વાંચેલું છે. જેણે લખ્યું હોય એ આત્મજ્ઞાની ન હોય તો આપણે એના અક્ષર ઉકેલી શકીએ પણ વર્તનમાં ન આવી શકે. બીજું, તમારું જ્ઞાનાવરણ કર્મ બળવાન હોય, બુદ્ધિ ઓછી હોય તો ઓછું સમજાય અને જે સમજાય એ તમારી મતિ કલ્પના હોય, એટલે જ્ઞાનાવરણ કર્મનો ક્ષય અથવા નિર્જરા જે રીતે થાય એ પુરુષાર્થ કરવાનો રહે.

Q સામાન્યપણે નિત્યક્રમ ચિત્રપટની સામે બેસી, દીવો-અગરબત્તી વિગેરે કરીને કરવાનું હોય છે. પણ મને ઓફિસ જવાનું હોવાથી આવી રીતે કરવાનો સમય નથી મળતો અને ઓફિસ જતી વખતે ટ્રેનમાં જતાં કે આવતાં કરી લઉં છું. ઓફિસમાં પણ સમય મળ્યે વાંચન કરું અથવા સી.ડી. સાંભળી લઉં છું. ટ્રેનમાંથી ઉતર્યા પછી રસ્તા પર ચાલુ ત્યારે રિમાઈન્ડર સેટ કરી રાખ્યા છે કે એ વાગે ત્યારે શું ભાવ કરવા કે જેથી મારો એ સમય યુટીલાઈઝ થાય. તો એ બરાબર છે ?

જો સારી રીતે થતું હોય તો ઠીક છે. અથવા બીજી રીતે કહીએ તો રાતના સૂવા જાવ ત્યારે નિત્યક્રમની શરૂઆત કરવાની અને બોલવાનું અને પછી શરીરને કહી દેવાનું કે તું સૂઈ જા, તારું કામ નથી. આત્માને કહી દેવાનું કે નિત્યક્રમ પુરું કરો; ઉંઘમાં પણ સરસ રીતે નિત્યક્રમ થઈ જશે. કારણ કે ઉંઘે છે તે શરીર છે, આત્મા જાગે છે એટલે પુરુષાર્થ થઈ શકશે. ટ્રેનમાં પણ જે થાય છે તે બરાબર છે. વાંચી ન શકાતું હોય તો સી.ડી. સાંભળો. એક બે વાર સાંભળી પછી બીજી લેવાની. આ રીતે દશા વધવાનું કારણ પણ થશે.

આ રીતે પુરુષાર્થ જો થતો હોય તો બરાબર છે, એનાં કરતા વધારે સારું એ છે કે પુરુષાર્થ કરવાની તીવ્ર જિજ્ઞાસા છે. ગમે તેમ કરીને મારે આ કરવું જ છે એ ભાવ બાકીનું બધું કરી આપશે. શું વાંચો છો એ મહત્વનું નથી પણ કેટલા બળવાન ભાવથી તમે શું કરવા ઈચ્છો છો એ વધારે મહત્વનું છે. તીવ્ર ઈચ્છાથી બધુ પોતાની મેળે અંદરથી થતું જશે.◆

સૌજન્ય : નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

પરમાર્થ સખા પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાના સાનિધ્યમાં...

ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૫૦માં જન્મજયંતી વર્ષના ઉપલક્ષે સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા લિલવા તથા ભવાનીપુર સેન્ટર મધ્યે પરમાર્થિક કાર્યક્રમોનું સફળ આયોજન સંસ્થાના ટ્રસ્ટી તથા મુમુક્ષુઓના પરમાર્થ સખા, પૂજ્યશ્રી નિલેશભાઈનાં સાનિધ્યમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાની સાથે સંસ્થાના પ્રમુખ શ્રી નરેશભાઈ ગોશર તથા ઓલ ઈન્ડિયા સ્પિરિચ્યુઅલ હેડ શ્રી નિરંજનભાઈ લાપસીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



શનિવાર તા. ૩-૧૨-૨૦૧૬ના લિલવા ઉપાશ્રય મધ્યે સાંજે ૭ કલાકે પૂજ્યશ્રી નિલેશભાઈનું સ્થાનિય મુમુક્ષુઓ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. પ્રારંભિક વિધી બાદ પૂજ્યશ્રી નિલેશભાઈએ ત્યાં ઉપસ્થિત સર્વેને પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૯૭ પર આધારિત પરમ સત્સંગનો લાભ આપ્યો. જેમાં તેમણે કહ્યું, ''પરમ કૃપાળુ દેવે આ પત્રાંકમાં પુરુષાર્થની રીત બે પ્રકારે જણાવી છે. સંસારમાં ગૃહસ્થધર્મની ફરજો બજાવતા કઈ રીતે ધર્મનો પુરુષાર્થ થઈ શકે કે કાળક્રમે તે મોક્ષમાર્ગમાં ઉપયોગી થાય અને આગળ ઉપર સર્વસંગ પરિત્યાગી થઈ મોક્ષ સાધી શકાય. આ બે જુદી જુદી અવસ્થા માટે ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ કહ્યા છે. જો જીવને એ સમજણ એટલી બધી સ્પષ્ટતાથી થઈ જાય કે મારે શું કરવાનું છે ? ક્યારે કરવાનું છે ? અને કેવી રીતે કરવાનું છે ? તો સંસારમાં રહીને પણ સત્ધર્મની આરાધના કરી યોગ્ય ફળ પ્રાપ્ત થઈ શકે છે.'' સામાન્ય રીતે ધર્મની સમજણ અને વિશેષ રીતે સત્ધર્મની સમજણના ભેદ પણ તેમણે સ્પષ્ટતાથી વ્યક્ત કર્યા જેથી કોઈ વ્યક્તિ આત્મજ્ઞાની સદ્ગુરુના આશ્રયે સત્ધર્મની આરાધના કરી મોક્ષને માર્ગે આગળ વધી શકે. સત્સંગ પૂર્ણ થયા બાદ શ્રી નિરંજનભાઈ લાપસીયા તથા શ્રી નરેશભાઈ ગોશરે ત્યાં ઉપસ્થિત મુમુક્ષુઓના પરમાર્થિક પ્રશ્નોનું સરળ ભાષામાં સમાધાન કર્યું.

તા. ૪-૧૨-૨૦૧૬ના રવિવારે સવારે ૯.૦૦ કલાકે ભવાનીપુર સ્થિત પરમ કૃપાળુ દેવ શ્રીમદ્



રાજચંદ્રજીના ભવ્ય મંદિર મધ્યે પૂજ્યશ્રી નિલેશભાઈનું સંસ્થાના કમિટિ મેમ્બર્સ તથા મુમુક્ષુઓ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સ્પર્શ ભક્તિ ગ્રુપના કલાકારો દ્વારા ભક્તિપદોની રસધાર બાદ પૂજ્યશ્રી નિલેશભાઈએ વચનામૃતજીના વ્યાખ્યાનસારના પ્રથમ બે મુદ્દાઓ પર પરમ સત્સંગનો લાભ આપ્યો.

તેઓશ્રીએ કહ્યું, ''જીવની આ સમસ્ત યાત્રાની શરૂઆત પ્રત્યક્ષ આત્મજ્ઞાની સદ્‌ગુરુ પ્રત્યેની સર્વાર્પણરૂપ ભક્તિથી થાય છે.'' મિથ્યાત્વી જીવના લક્ષણો તથા તે અવસ્થામાં તેની માન્યતાઓ કેવી હોય અને પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યેની આશ્રયભક્તિ તથા આજ્ઞા આરાધનથી તે માન્યતારૂપી ગ્રંથી કઈ રીતે તૂટી શકે તે મુદ્દાઓ પર પણ વિશેષ સમજણ પ્રગટ કરી. સત્સંગના અંતે તેમણે મુમુક્ષુઓની પરમાર્થિક શંકાઓનું સરળ ભાષામાં સમાધાન પણ કર્યું.

ત્યારબાદ સંસ્થાના ભુતપૂર્વ પ્રમુખ શ્રી નિતિનભાઈ અજમેરાએ રાજનગર, પરલી ખાતે નવિન અત્યાધુનિક શાળાના પ્રોજેક્ટ વિશે માહિતીથી સર્વેને અવગત કર્યા અને તે શાળા મધ્યે ભણી રહેલા બાળકો માટે જ્ઞાનદાનની પહેલ કરી. ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ તથા અતિથિઓએ સંસ્થાના શૈક્ષણિક ક્ષેત્રના આ પ્રોજેક્ટને સારો એવો પ્રતિસાદ આપ્યો અને જ્ઞાનદાનની ઈચ્છા પણ વ્યક્ત કરી. ત્યારબાદ પૂજ્યશ્રી નિલેશભાઈએ કોલકાત્તા સેન્ટરના જુદા જુદા વિભાગમાં સેવા આપી રહેલા મુમુક્ષુઓનું અભિવાદન કર્યું

સાંજે ૬.૩૦ થી ૯.૦૦ દરમિયાન રાજ ઈન્ટરનેશનલ યુથ ફોરમ, રાજ શાળા તથા રાઈઝીંગ સનના આશરે ૪૫ બાળકો તથા યુવાન મુમુક્ષુઓ દ્વારા એક અનેરો કાર્યક્રમ ''મદારી મેરા તું'' પ્રસ્તુત કરવામાં આવ્યો જેનો મુખ્ય ઉદ્દેશ્ય તેમના પ્રિય મિત્ર, તત્ત્વચિંતક અને માર્ગદર્શક એવા પરમાર્થસખા પૂજ્યશ્રી નિલેશભાઈ પ્રત્યે પોતાની સર્વાર્પણ ભક્તિ દર્શાવવાનો રહ્યો હતો. વીવી-ટીવી એટલે વીતરાગ વિજ્ઞાન તેરા વિઝન કોન્સેપ્ટને અનુસરીને ૯ ચેનલ્સરૂપે ૯ પ્રકારના જુદા જુદા કાર્યક્રમોને સાંકળી લેવામાં આવ્યા હતા તેમાં ન્યુઝ ચેનલ, નૃત્યકળા, આધ્યાત્મિક ચેનલ, રાજશાળાના બાળકો દ્વારા પરમાર્થિક કબડ્ડી, ટીવી સીરીયલ્સનું આધ્યાત્મિક રૂપાંતરણ, રાઈઝીંગ સનના બાળકો દ્વારા સત્ય - મૈત્રી - પ્રેમ - વીર્ય એવા આત્માના ગુણો દર્શાવતો ફેશન શો, સિંગિંગ આઈડલ વગેરેનો સમાવેશ થાય છે. આ સમસ્ત કાર્યક્રમના મુખ્ય અંગ તરીકે 'કોક સ્ટુડીઓ' નામક એક અનેરો મ્યુઝિકલ શો પ્રસ્તુત કરવામાં આવ્યો જેમાં યુવા મુમુક્ષુઓએ એક મ્યુઝિકલ બેન્ડના માધ્યમે આધુનિક ગીતો ગાઈને પૂજ્યશ્રી નિલેશભાઈ પ્રત્યે પોતાના ભક્તિસભર ભાવોની અભિવ્યક્તિ કરી. કાર્યક્રમમાં રાઈઝીંગ સનના બાળકો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા. નિયમિત રીતે થતાં વર્ગોમાં તેમને મોરલ વેલ્યુઝની સાથે આત્માના ગુણોની પણ સમજ આપવામાં આવે છે જે તેમણે ફેશન શો દ્વારા પ્રસ્તુત કરી સર્વેનું મન મોહી લીધું.

સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા પરમાર્થસખા પૂજ્યશ્રી નિલેશભાઈ સાંનિધ્યમાં આયોજીત કરવામાં આવેલો આ બે દિવસીય કાર્યક્રમ મુમુક્ષુઓને જુદા જુદા રંગમાં પરમાર્થ પીરસવામાં સફળ રહ્યો. ◆

સૌજન્ય : રીટા રાજેશ શાહ, મુંબઈ

SHREE RAJ EDUCATIONAL CENTRE

SCHOOL ANNUAL DAY
Physics Laboratory Inauguration
Visit of Chief Donor Shri Deepakbhai K Tanna

The Shri Kakubhai Jamnadas Tanna Balwadi & High School Annual Day was celebrated on 2nd January, 2017 with lot of enthusiasm.

The programme, in the format of an Awards Nite, commenced after arrival of Pujyashree and Pujya Nileshbhai around 10 am with a Shloka recital. The Pre-primary students (Nursery, Jr. & Sr. KG) looked oh-so-cute in "Suno Bachcho" dance followed by the mime Act with Indian Army theme. "Dama dam mast kalander" song sung in a qawwali format had the audience singing along with and clapping and foot tapping. The koli dance performed by the students of Classes 1 to 4 was well choreographed and ended to a loud applause by the audience. The Yog and Brain Gym demonstrations were awe inspiring. Identification and hurdle walk during the Brain Gym had the audience gaping with open





mouth ! The Trustees, Guest of Honour Ms. Meera Sheth, President of the Inner Wheel Club, Bombay West and a few Committee Members were requested to present awards, under various categories.

PHYSICS LABORATORY INAUGURATION

The inauguration of the Physics Laboratory took place on January 2, 2017.

The delegation led by the District Chairman of Innerwheel District 314, Ms. Falguni Mehta accompanied by President of Innerwheel Club of Bombay West, Ms. Meera Sheth and the members were welcomed with a traditional aarti and tilak at the School. Dr. Nandkumar Bhilare welcomed all and requested Ramaben Parekh for an address. Ramaben conveyed her thanks to Ms. Falguni Mehta for attending the event. Ms. Falguni Mehta spoke about the need for such and similar projects whereas Ms. Meera Sheth provided the details of projects undertaken during the year and hoped that the provided facility (Physics Lab) would be useful to the students.

The inauguration was by Ms. Falguni Mehta and the Group then was explained certain phenomena by the Science Teacher. They next visited the Chemistry Lab, for which they have donated equipment and apparatus and then proceeded to a tour of the School.

VISIT OF CHIEF DONOR SHRI DEEPAKBHAI K TANNA

The visit of Shri Deepakbhai Kakubhai Tanna with family to the School on January 6th, 2017 was met with much enthusiasm as it had come after wait of over 4 months since the School had been operational in the new premises. Shri Deepakbhai was welcomed by the Principal Dr. J K Joshi, our Trustees, Committee Members and a large number of well-wishers. Dr. Joshi expressed his gratitude to Shri Deepakbhai, without whose magnanimous support, such a large facility could not have come up. Pujya Nileshbhai felicitated him with a shawl.

Ms. Ramaben Parekh, in her speech, also thanked Shri Deepakbhai for having contributed to fulfill his father's dream of providing facility to impart education to the underprivileged.

Ms. Darshi Doshi (Shah), who was associated with the School since beginning recalled how it all started as a weekend Socio Project with





6 or 8 kids under a shade of a tree, when she was attending her college traced the journey till the present. She informed that

- the current facility is equipped with 31 fully equipped classrooms, 3 Science labs, 2 Computer labs, a well-stocked Library, 2 large Activity Rooms, a Music Room, a Dance Room, a Sports Room, 3 Staff Rooms;
- well designed separate toilets for the boys and girls, filtered and chilled water dispensers;
- a large pantry serving freshly cooked nutritious item every day to the students is at par with it's urban peers.;
- for safety of the students and the staff, the entire premises is protected by latest firefighting system, is under continuous CCTV surveillance and is manned by very able security personnel, round the clock;
- the Solar Power rooftop plant ensures zero outgo towards electrical expenditure for such a large facility;
- over 700 students are efficiently transported to and fro from about 50 villages in a radius of over 40 kms with the help of a fleet of 6 buses;
- Brain Gym, a very special programme, which helps the students develop tremendously, their concentration and memory power is offered completely free to our students against a commercial value of about Rs 10,000/- per student; and
- E-learning gives the students a broad picture with insight, allowing much faster grasping of the topic under study.

Shri Deepakbhai in his address mentioned he was unable to pay visit and was eager for it to take place at the earliest. He was very happy at finally being there. He and the entire Group were quite amazed at the demonstration of Brain Gym, where the blindfolded students could recognize who they were facing (male or female), colour of their dresses, footwear, etc and could also read the matter printed on cards! ◆



મંગલ પરિણય

ઓળખાણ... પ્રતીતિ... અનુભવ... ઐક્યતા

સંસારમાં આપણે સહુએ ઘણા પરિણય પ્રસંગ માણ્યા અને ઉજવ્યા હશે, પણ તા. ૨૯-૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર-પર્લી ખાતે એક અનોખો, અલૌકિક 'મંગલ પરિણય' ઉજવાયો, જેમાં ભારતના તેમજ વિદેશના સેન્ટરના મુમુક્ષુઓએ હોંશભેર ભાગ લીધો હતો અને પ્રભુ પ્રત્યેના પ્રેમમાં એકાકાર બની ગયા હતાં. આ મંગલ પરિણયમાં વર હતાં મોક્ષના દાતા શ્રી સદ્‌ગુરુ, પરમ કૃપાળુ દેવ; એમના પ્રતિકરૂપ હતા પ્રત્યક્ષ જ્ઞાની અને નવવધુ બની હતી મીરાબહેનો અને સ્ત્રી હૃદયી હરિભાઈઓ.



પરિણય એટલે લગની લાગવી, એકબીજામાં ઓતપ્રોત થવું. જેને 'લગન' લાગે એના જ લગન થાય. પ્રભુ પુરુષોત્તમ સાથે પરિણયની ગાંઠે બંધાવા માટે પોતાના અસ્તિત્વને ભૂલી, તેઓશ્રી સાથે આત્મ ઐક્યતા સાધવી એટલે 'મંગલ પરિણય.'

પ્રથમ દિવસે સવારના બધાનું પ્રેમસ્વાગત કર્યા બાદ સર્વેના પરમાર્થ સખા, પૂજ્ય શ્રી નિલેશભાઈએ મંગલ પરિણયની પરિભાષા સમજાવતાં કહ્યું કે, 'મંગલ પરિણય એટલે પરમ કૃપાળુ દેવ અને પરમ પૂજ્ય પપ્પાજી સાથે પ્રેમ લગની. આ લગની એવી છે કે જે જગતની વિસ્મૃતિ કરાવી પ્રિયતમનું અખંડપણે, નિરાબાધપણે સ્મરણ રખાવે છે. સંસારની સર્વ લાગણીઓમાં તે સર્વશ્રેષ્ઠ લાગણી છે. પ્રેમ એટલે સુખદ સમાગમ, જેમાં હું અને તુંનો ભેદ તૂટી જઈ એકતાનું સર્જન થાય છે. જે પ્રભુ પુરુષોત્તમના પ્રેમમાં લીન થાય તે જગત આખાથી વિલીન થાય.' આ મંગલ પરિણયના દરેક પ્રસંગનો તેમણે પરમાર્થ આશય આ પ્રમાણે સમજાવ્યો.

(૧) પ્રેમ સ્વાગત : કોઈપણ પ્રસંગની શરૂઆત શુભ ભાવથી થાય તો દરેક કાર્ય શુભ થાય છે. પરિણયની શુભ શરૂઆતે પરમ પૂજ્ય પપ્પાજીને પ્રેમથી હૃદયમાં સમાવવાના છે.

(૨) પ્રેમ ઓળખાણ: જેમની સાથે લગ્ન થવાના છે એમનો પરિચય થતાં એમના પ્રત્યે ગમવાપણું થાય છે. જેમ જેમ ગમવાપણું વધે છે તેમ તેમ એમના પ્રત્યેની શ્રદ્ધા વર્ધમાન થાય છે.

(૩) ગોળધાણા : વાત પાકી કરવાનું પ્રથમ પગથિયું.

(૪) પ્રેમ સગાઈ : આ સગાઈમાં સંસારના સગા કરતાં પરમ પુરુષના સગા એટલે એમના ઉત્તમ ગુણો વીતરાગતા, આનંદ, સમતા વિગેરેને અપનાવી મારા અશુદ્ધ આત્માના સગા રાગ - દ્વેષ, અજ્ઞાન, સ્વચ્છંદને છોડવાના છે.

સૌજન્ય : દેવલ હેમંત ટોલીયા, કોઈમ્બતુર

(૫) પ્રેમ અલતો : પ્રભુ સાથેના પરિણયના ઉત્સાહમાં એમની ભક્તિનો રંગ આત્માના રોમેરોમમાં લાગી જવો જોઈએ. આવું થતાં સંસારના દરેક કાર્યો પ્રેમમય અવસ્થામાં થતાં જાય છે અને ધીમે ધીમે સંસાર ભાવથી છૂટતાં જઈએ છીએ.



(૬) પ્રેમ સંધ્યા : પ્રભુ સાથે સગપણ થવાના આનંદની અભિવ્યક્તિની ઉજવણી.

(૭) પ્રેમવિધી : પુરુષોત્તમ સાથે સગપણથી થતાં પ્રેમભાવને એની ઉત્કૃષ્ટતાએ પહોંચાડવાની વિધીઓ.



કંકોતરીઃ પરમાર્થે આપણે સર્વ ઋણાનુંબંધીઓને આમંત્રણ આપી જેમની સાથે શુભ છે અને જેમની સાથે અશુભ છે એ બધા સાથે શુભથી છુટા પડીએ છીએ. તે સમયે કષાયો, વિભાવો, વિકલ્પો વિગેરે સર્વ દોષોથી છૂટા પડવાનો પુરુષાર્થ થાય છે.

મંડપ મૂર્હુત : જે ક્ષેત્ર નિવૃત્તિનું સહુથી મોટું કારણ છે એ ક્ષેત્રે મોક્ષ માટેના મંડપનું મંડાણ કરવાની પ્રવૃત્તિ આત્મ જાગૃતિનું કારણ બને છે.

મોસાળુ : પરમાર્થે સુખના સાધનો ગ્રહણ કરતી વખતે અંતરમાં બળવાન ત્યાગ-વૈરાગ્ય વધવાનો પ્રસંગ જે પદાર્થ પ્રત્યેના આસક્તિભાવથી છૂટવાનો પુરુષાર્થ કરાવે છે.

પીઠીઃ પરમાર્થે આત્મા ઉપર ગુણોનો લેપ લાગતાં સંસારભાવ ધીમે ધીમે છૂટતો જાય છે.

પ્રેમ આવકાર : 'હું આત્મા છું'ની સત્‌સમજણ પાકી કરવાનો અવસર. પરમ કૃપાળુ દેવને વરમાળા પહેરાવવી એટલે સ્વીકારભાવ; જેમને પરણવાના છીએ એમના સર્વ વચનો એકપણ વિકલ્પ કે વિભાવ વગર મને માન્ય છે એવો ભાવ આજ્ઞા પાલનથી આજ્ઞાભક્તિ તરફ લઈ જાય છે.

(૮) હસ્તમેળાપ : પ્રભુ સાથે એકરૂપ થવાની અણમોલ ઘડી, અર્પણતાથી પૂર્ણતા સુધીની મંગલ યાત્રા. પ્રભુ સાથે મંગલ પરિણય પછી યથાર્થ પુરુષાર્થ જે કરશે એને તીવ્ર બંધન નથી પણ ભવ ઓછા કરવાનો તીવ્ર ઉદય છે. તેને અનંત સંસાર નથી, અભ્યંતર દુઃખ નથી પણ સત્‌સમજણની શાતા છે. શંકાનું કોઈ નિમિત્ત નથી પણ સમ્યક સમજણની હાજરી છે. અંતરંગ મોહીની નથી એટલે દેહની ક્રિયા છે પણ ભાવનું જોડાણ નથી. સત્ સત્ શીતલ અમૃતમય દર્શન છે. સર્વ વિભાવોનો અભાવ એ જ સ્વભાવ છે.



(૯) પ્રેમ મિલન : હૃદયને હવે બીજી કોઈ વસ્તુ સ્પર્શતી નથી. બધી વસ્તુઓ આત્મલક્ષે - આત્મ જાગૃતિપૂર્વક થાય છે. અત્ર-તત્ર-સર્વત્ર પ્રભુ જ બિરાજીત હોવાથી આનંદ, ઉત્સાહ, શાંતિ, સુખનો જ અનુભવ રહ્યા કરે છે.



(૧૦) પ્રેમ ઐક્યતા : સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થતાં તૂંહી તૂંહીનું નિરંતર સ્મરણ - રટણ થાય છે. પ્રભુ સાથેની આ ઐક્યતા મોક્ષ સુધી લઈ જાય છે.

આપણી અશુદ્ધ અવસ્થામાં એવો ભાવ થવો જોઈએ કે સંસારના બે વિચારની વચ્ચે મને પ્રભુનું જ શરણ રહે પછી જ બીજો ભાવ આવે. એમનું જ સ્મરણ-રટણ રહે, લઘુતા, દીનતા, પરમ દૈન્યતા આવે, પ્રભુ સાથે ઐક્યતા વધતી રહે એવી જ વારંવાર વિનંતી-પ્રાર્થના થતાં સંસારના પ્રસંગોથી છૂટી આત્માની વિશુદ્ધી તરફ વધાય છે.

વર્ષ ૨૦૧૬ની પૂર્ણાહુતિ અને ૨૦૧૭ની શુભ શરૂઆતે રીસર્ચ સેન્ટરના અમુક મુમુક્ષુઓએ પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યેના પોતાના પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાના ભાવોની અભિવ્યક્તિ રૂપે અને એમના તરફથી જે અમૂલ્ય તત્ત્વની ઓળખાણ થઈ છે એનું ઋણ ચૂકવવાના ભાવથી પૂજ્યશ્રી સમક્ષ રીસર્ચ સેન્ટર પર વર્ષના અમુક દિવસો રહીને પોતાની સેવા આપવાના ભાવો વ્યક્ત કર્યા હતા. એમની આ મંગલ સેવાના ભાગરૂપે એમને એમના કાર્ય અનુસાર નિયમાવલી આપવામાં આવી હતી. આ બધા મુમુક્ષુઓની અભિવ્યક્તિથી હાજર સર્વ શ્રોતાગણ પણ ખૂબ જ અભિભૂત થઈ ગયા હતાં. આ એમનું એવું પ્રેરણાત્મક કાર્ય હતું જેનાથી ભવિષ્યમાં બીજા મુમુક્ષુઓને પણ આ સેવાકાર્યમાં જોડાવાનું બળ મળશે.

ઉપરોક્ત સર્વ પરમાર્થ ભાવો સાથે મંગલ પરિણયની વિધી સંપન્ન થઈ. નૂતન વર્ષના નવલા પ્રભાતે તા. ૧-૧-






૨૦૧૭ના પ્રેમ વિદાઈની વિધી કરવામાં આવી.



મંગલ પરિણયના આ ચાર દિવસ દરમિયાન સર્વ નવવધુઓ (હરિભાઈ - મીરાબહેનો) તેમજ સર્વ મુમુક્ષુઓ ખૂબજ આનંદ અને ઉત્સાહમાં મહાલતા હતા. રાજનગરની ભૂમિ દેવલોકની જેમ ઝળહળી ઉઠી હતી. સર્વત્ર પ્રભુમિલનનો ઉમંગ વરતાતો હતો. સત્પુરુષની યથાર્થ ઓળખાણ થતાં પ્રતીતિ અને એ જ મારા પ્રભુ પુરુષોત્તમ છે એવો અનુભવ અંતરથી ઉલ્લાસીત થતો હતો અને પછી સર્વ મુમુક્ષુઓ પ્રભુ સાથે ઐક્યતા સાધવા થનગની રહ્યા હતાં. પ્રેમ - શ્રદ્ધા અને અર્પણતાના ભાવે પરમ પુરુષ સાથેની ઐક્યતા નિશ્ચિત જ છે એનો ઉમંગ ચારેકોર હિલોળા લેતો હતો.



મંગળફેરાની વિધિ સંપન્ન થયા બાદ અને નૂતન વર્ષના પ્રથમ દિને પ્રેમબોધ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે, ''પરમ કૃપાળુ દેવ સાથે પ્રભુતામાં પગલા માંડયા એટલે સાચા અર્થમાં જીવનની શરૂઆત થઈ. હવે ધર્મનો પુરુષાર્થ એવી રીતે થવો જોઈએ કે આત્માથી શરૂઆત થઈ થોડાક ભવે અવશ્ય મોક્ષનું કારણ થાય. અનાદિકાળના પરિભ્રમણમાં અનેકવાર મનુષ્યદેહ પ્રાપ્ત કર્યો હશે, પ્રાપ્ત દેહે ધર્મ પણ કર્યો હશે પણ ભવચક્રનો એકપણ આંટો ઓછો થયો નથી. કારણ કે સંસારમાં લગ્ન એટલે માત્ર અર્થ અને કામનો જ પુરુષાર્થ સાંસારીક રીતથી ખબર છે પણ હવે આપણે ધર્મના પુરુષાર્થથી શરૂઆત કરવાની છે. આપણે આત્મધર્મ પાળવાનો છે. એટલા માટે 'હું દેહથી ભિન્ન આત્મા છું' એ પ્રથમ જાણવુ અત્યંત જરૂરી છે. આપણો આત્મા જેટલો વૈભવશાળી છે એની સરખામણીમાં આખા બ્રહ્માંડમાં બીજો કોઈ પદાર્થ આવી ન શકે. એનું ભાન ફક્ત સત્પુરુષ જ આપણને કરાવી શકે છે. પ્રથમ 'હું આત્મા છું' એવો અંતરથી દ્રઢ વિશ્વાસ, પછી એની પ્રતીતિ, અને ત્યારબાદ અનુભવ થાય તો જ સાચા અર્થમાં આત્મા સમજાય. આત્માનું જ્ઞાતા દ્રષ્ટાપણું કોઈપણ રીતે અનુભવમાં આવે પછી જ સત્ધર્મની શરૂઆત થાય છે. ત્યારપછી એને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ થાય છે. 'હું આત્મા છું, મારો ધર્મ ફક્ત જોવા અને જાણવાનો છે' એવું ચોક્કસપણે અંતરમાં હોય તો જાગૃતિ રહે છે કે મારા સ્વભાવથી વિરુદ્ધ મારાથી કંઈપણ ન કરાય. આ ધર્મનો પુરુષાર્થ છે.



આત્મધર્મની તીવ્ર ઈચ્છાની વિરુદ્ધ જે કંઈ થાય છે એ પૂર્વ કર્મનું ફળ છે. પણ પૂર્વકર્મનું બહાનું લઈ સંસાર ભોગવવાનો નથી. જો નથી કરવા જેવી ક્રિયા થઈ જાય તો આંખમાંથી આંસુ વહી જાય અને આ નથી જ કરવું એવો નકારભાવ રહેતો હોય એ 'અર્થ પુરુષાર્થ' છે. બાંધેલા કર્મો ચોક્કસ ભોગવવા જ પડે પણ એ ભોગવતી વખતે સતત ક્ષમાપના ચાલવી જોઈએ. અશુભ કર્મો ભોગવતી વખતે ખેદ રહેતો હોય અને નકારભાવથી

સંસાર ભોગવતાં હોઈએ તો નવું કર્મ બંધાતું નથી.''

ત્યારે પછી આવે છે 'કામ' નો પુરુષાર્થ. અન્ય ધર્મ, ફરજમાં જે વધારેનો સમય વેડફાય છે એ ધર્મધ્યાનમાં લગાડી, કામ વાસનાથી રહિત થવાનો પુરુષાર્થ કરી અતિઇંદ્રિય સુખની પ્રાપ્તિ કરવી.

અર્થ અને કામ આત્મને રોકી નથી શકતા. એ બધાની ઉપરવટ થઈ આત્મા યથાર્થ પુરુષાર્થ કરી આગળ આગળ વધતો રહે પછી આત્માએ મોક્ષે જવું પડે.

મંગલ પરિણયના દ્વિતિય દિવસે પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજીએ વચનામૃત પત્રાંક - ૫૩૦ ઉપર વિવેચન આપ્યું હતું જેમાં ગાંધીજી દ્વારા પૂછેલા પ્રશ્નોનો ઉત્તર પરમ કૃપાળુ દેવે આપ્યો છે.

આ ૪ દિવસ દરમિયાન સંગીતનો કાર્યક્રમ સનેડો અને નૃત્ય નાટકો મુંબઈ તેમજ અન્ય સેન્ટરો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. તેમજ પરમ પૂજ્ય પ્રેમઆચાર્યશ્રીના પરિવાર દ્વારા એક અનોખો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો જેમા એક પ્રેમાળ પિતામાંથી જ્ઞાની રૂપે અવતરણ જેમણે એમના જ સાનિધ્યમાં રહી, નજરે જોયું, અનુભવ્યું હોય એ શબ્દાતીત હોવા છતાં હૃદયસ્પર્શી રહ્યું. આ સિવાય કોલકાતાના મુમુક્ષુઓ નિતિનભાઈ અજમેરા અને દીશાબેન દોશીએ અનુક્રમે પત્રાંક ૨૪૧ અને ઉત્તમ મુમુક્ષુ ઉપર વાંચન આપ્યું હતું. 'સ્પર્શ'ના કલાકારોની ભક્તિમાં સર્વ ઝૂમી ઉઠ્યા હતાં.

ચાર દિવસ ચાલેલા મંગલ પરિણયના મીઠા સંભારણા લઈ પુરુષાર્થ માટે અનન્ય બળ લઈ તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૭ના સર્વે છૂટા પડ્યા. ◆



સૌજન્ય : મધુબેન રજનીકાંત ધામી, બેંગલોર

શ્રી રાધાવતાર

અભૂતપૂર્વ લીલા-દર્શન



રોહિણીમાની આજ્ઞાનુસાર ભોજનગૃહની સેવિકા રજતપાત્રોથી ભરેલો સુવર્ણથાળ લઈને અંદર આવી. માએ સૌને પ્રેમથી દુગ્ધપાન કરાવ્યું. પછી શ્રીકૃષ્ણની જિજ્ઞાસુ રાણીઓની મનોકાંક્ષા સંતોષવા કહ્યું,

''મેં વૃંદાવનેશ્વરી શ્રી રાધાને નિકટથી અનેકવાર, અનેકરૂપે ધારીધારીને જોઈ છે; જોતાં કદી ન ધરાઈએ એવું જે અનુપમ રૂપસૌંદર્ય, નિર્દોષ નમણી આંખો અને આકર્ષક વ્યક્તિત્વ મારી આખી ઉંમરમાં બીજી કોઈ કિશોરીમાં જોયાં નથી!''

''મેં રાધિકાને પ્રથમ નંદગાવમાં ને પછી વૃંદાવનમાં જોઈ ત્યારે એની ઉંમર હશે બાર-તેર વર્ષની; લાલાની ઉંમર હશે આઠ-નવ વર્ષની! ત્યાંનું પ્રાકૃતિક વાતાવરણ જ પ્રફુલ્લિત અને પરિશ્રમયુક્ત જીવન જીવવાનું અને ઉપરથી ઘી-દૂધ માખણની તો રેલમછેલ! એટલે એ વ્રજભૂમિનાં ગોપ-ગોપાંગના, દસ બાર વર્ષનાં થતાં જાણે ભર યૌવનાવસ્થામાં વિહરતાં ન હોય એવા લાગે!''

''શ્યામસુંદર અને રાધા પહેલી જ વાર એકબીજાને કેવા સંજોગોમાં મળ્યાં એ ઘટના એટલી ચમત્કારિક છે કે એ રાત્રે મને અને યશોદામૈયાને તો એમ જ થયેલું કે કોઈ ઈશ્વરી સંકેત વગર આ બન્નેનું વ્રજભૂમિમાં મિલન સંભવી જ ન શકે!'' ધીરે ધીરે એમણે શ્યામ-રાધાના પ્રથમ મિલનનો દિવ્ય પ્રસંગ વર્ણવ્યો.

ગોપીઓની રોજબરોજની ફરિયાદોથી તંગ આવી ગયેલાં યશોદાએ કનૈયાને એક દહાડો ઊખળ સાથે મુશ્કેટાટ બાંધી દીધા પછી, ઘર-ગૃહસ્થીના કામકાજમાં ગુંથાઈ ગયી. એને તો ખબરે ન પડી કે ક્યારે લાલો, ઊખળને ખેંચતો ખેંચતો, ઘરની બહાર નીકળી ગયો; વનની વાટે આગળ વધ્યો અને માર્ગમાં જોડાજોડ ઊગેલાં 'યમલ' અને 'અર્જુન' નામનાં બે વૃક્ષોના થડ વચ્ચે ઊખળ ભરાઈ જતાં એણે એવું જોર અજમાવીને ઊખળને ખેંચ્યો કે પેલાં બન્ને ઝાડ, મૂળસહિત ઉખડીને જમીનદોસ્ત થઈ ગયાં!

બે ગોપબાળાઓ એ જ વખતે યમુનાજીમાં જળ ભરવા જઈ રહી હતી! એક હતી-નંદગાંવની જ ગોપકન્યા લલિતા; ને બીજી હતી બરસાનાના ગોપાધિપતિ વૃષભાણજીની લાડલી દીકરી રાધિકા! એની માતા કલાવતીએ એના જન્મ વખતે માનતા માનેલી કે, એની પુત્રી રાધા મોટી થશે ત્યારે એ ગોકુળના ગોપનાથ મહાદેવની પૂજા કરવા આવશે. પોતાની સ્વર્ગસ્થ માતાની બાધા પૂરી કરવા રાધા, વૃંદાવન જતાં માર્ગમાં નંદગાંવ ખાતે એના કોઈ સગાને ત્યાં રોકાયેલી. ગોપનાથ મહાદેવના લિંગને અભિષેક કરવા સ્વચ્છ યમુનાજળ ભરી લાવવા માટે, બન્ને નદીએ જઈ રહી હતી ત્યાં એણે કનૈયાની બૂમ સાંભળી અને લલિતાનો હાથ પકડીને એને ત્યાં ખેંચી ગઈ!

ઊખળથી બંધાયેલી હાલતમાં, જમીન પર ચત્તાપાટ પડેલા કનૈયાએ પહેલી જ વાર, કોઈ અજાણી ગોપિકાને સન્મુખ આવીને ઊભેલી જોઈ! લલિતાએ પેલીના કાનમાં કંઈ કહ્યું કે શરમથી લાલચોળ થઈ ગયેલી એ, દોડીને લાલા પાસે બેસી એના જુલ્ફોમાં ભરાઈ ગયેલી ધૂળ, પોતાની નાજુક આંગળીઓ વડે સાફ કરતાં કરતાં બોલી:

''એમ! તો તું છે નંદનો છોરો! તારાં પરાક્રમોની ખૂબ વાતો મને લલિતાએ કહી છે, કાના! તું કેમ કરીને પડી ગયો? તને વાગ્યું તો નથી ને?''

રૂપાની ઘંટડી જેવા એના અવાજથી પ્રભાવિત થઈ ગયેલો લાલો એકીટસે એને નિરખી રહ્યો હતો ત્યાં લલિતાએ અજાણી ગોપીની ઓળખાણ આપી.

રોહિણીમા, પોતાના વરદ્ કંઠે, રાધા અને શ્યામનું પ્રથમ મિલન આભૂલોક પર ક્યારે ને ક્યાં થયું એ પ્રસંગથી માંડીને એ બન્નેના સંબંધો કેવી રીતે ગાઢ બનતા ગયા તે બધું, શ્રી કૃષ્ણની અષ્ટ રાણીઓ સમક્ષ શ્રી કૃષ્ણભગિની સુભદ્રાના પાકા ચોકી પહેરા હેઠળ વર્ણવી રહ્યાં હતાં ત્યારે...

દ્વારિકાના રાજમંત્રણાગૃહમાં રાજનીતિજ્ઞ યાદવગણ સાથે કોઈ અગત્યના મુદ્દા પર મંત્રણા કરી રહેલા શ્રીકૃષ્ણના હૃદયમાં એકાએક અસહ્ય એવું 'પ્રેમશૂળ' ઉપડ્યું. 'રામબાણ વાગ્યાં હોય તે જાણે'; જેમ, આવા 'પ્રેમશૂળ'ની પીડા તો એ જ સમજી શકે, જેણે જીવનમાં ક્યારેક આ જાતના દિવ્ય પ્રણયભાવનો રોમાંચ અનુભવ્યો હોય! જીવનભર પોતાના પ્રિયપાત્રના વિરહાગ્નિમાં તપ્ત થયેલું જેનું હૃદય, આ જાતના 'માનસિક વિચારભાવ સંક્રમણ'ને ઝીલવા જેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી ચૂક્યું હોય તેને જ આવું દિવ્યાતિદિવ્ય 'પ્રેમશૂળ' ઉપડે! આ 'પ્રેમશૂળ'ની રોમાંચક પીડાથી શ્યામસુંદરનાં નેત્રો બીડાઈ ગયાં, શરીરમાં જાણે કોઈ અલૌકિક વિદ્યુતપ્રવાહ પસાર થઈ રહ્યો ન હોય તેમ સમસ્ત શ્રીઅંગમાં તનમનાટ વ્યાપી ગયો! ભર શિયાળે એમનું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું અને અત્યાધિક હર્ષોલ્લાસથી એમનું મુખારવિંદ ઝળહળી ઊઠ્યું. જ્યારે પણ કોઈ આપ્તજન યા ભક્તજન પર આફત આવી પડે અને એ નિઃસહાય વ્યક્તિ આર્તનાદ કરી પ્રભુને વહારે ધાવા વિનવે ત્યારે આ શ્યામસુંદર જ્યાં બેઠા હોય ત્યાંથી એકદમ ઊભા થઈ જતાં! અને ત્યારે એમના દિવ્ય મુખારવિંદ પર આવી જ અદ્ભુત અવર્ણનીય આભા પ્રસરી જતાં દાઉએ નજરે જોયાં હતાં... છેલ્લે, હસ્તિનાપુરની રાજસભામાં પાંડવ-કુલવધૂ દ્રૌપદીનાં ચીર ખેંચવાનું દુઃસાહસ દુષ્ટ દુશાસને કર્યું ત્યારે શ્રી કૃષ્ણના વદનકમળનું આવું જ તેજસ્વી સ્વરૂપ બધાં સ્વજનોએ જોયું હતું, એ દાઉને યાદ આવી ગયું! શું ફરી પાછી પાંડવો પર કોઈ...

'પ્રેમશૂળ'થી પીડાગ્રસ્ત શ્યામસુંદર પોતાના સિંહાસન પરથી ઊભા થઈ ગયા. એમને ખ્યાલ આવી ગયો કે ક્યાંક કોઈના દ્વારા મારી અને મારી પ્રાણેશ્વરી શ્રી રાધાની 'બાળલીલા'ની વાતો થઈ રહી છે! બે દિવસ પર પોતે મનમાં જે સંકલ્પ કરેલો તે જ સાકાર થઈ રહ્યો છે! એમનું રોમેરોમ હર્ષથી નાચી ઊઠ્યું! 'આ લીલાકથા' નો કાનોકાન શ્રવણાનંદ માણવા પ્રભુ ઉત્કંઠિત થઈ ઊઠયા અને કોઈને કંઈ પણ કહ્યા વિના એ રાજમહેલ તરફ ચાલવા માંડ્યા.

બલરામે પણ શ્રી કૃષ્ણની લગોલગ થઈ જવા ઝડપથી પગ દબાવ્યા. થોડી જ વારમાં બન્ને બંધુ રાજમહાલયના પ્રાંગણમાં પ્રવેશ્યા અને શ્રીકૃષ્ણ પોતાના ભવનમાં કે કોઈ રાણીના આવાસે ન જતાં, સીધા 'બલરામ-ભવન' તરફ જવા લાગ્યા અને છેક રોહિણીમાના નિવાસગૃહ આગળ જઈને અટક્યા! રોહિણીમાંના મુખ્ય કક્ષના દ્વાર આગળ આવતાં જ શ્રી કૃષ્ણ એકદમ આંચકો ખાઈને થંભી ગયા! અને એ જ વખતે બલરામ પણ એમની પડખે આવીને ઊભા રહી ગયા. બન્ને ભાઈઓએ શું જોયું?...

માતુશ્રીના નિવાસખંડના પ્રવેશદ્વારની વચ્ચોવચ્ચ, ઉંબરા પર બે પગ મૂકીને અને બન્ને બાજુની બારસાખો પર બે હાથ ટેકવીને, એમની લાડલી બહેન સુભદ્રા લગભગ ધ્યાનસ્થ દશામાં, અર્ધ બીડેલ નયને અવાચક ઊભી હતી!

અંતર્યામીએ જ્યારે આંખના ઈશારે મોટાભાઈ સમક્ષ આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે દાઉજી એકદમ ચિંતાતુર થઈ ગયા. પોતાને ત્યાં ખાસ પ્રેમાગ્રહથી રહેવા આવેલી પ્રિય ભગિનીને આ રીતે ઊભેલી જોઈને એમના પેટમાં ફાળ પડી! તેમણે શ્રીકૃષ્ણના ખભે શંકાથી હાથ મૂક્યો એટલે દાઉના હાથ પર પોતાનો હાથ પ્રેમથી મૂકીને શ્યામસુંદર મક્કમ પગલે આગળ વધ્યા, ત્યાં તો બહેન સુભદ્રાનો ભાવવાહી અવાજ કાને અથડાયો:

''એટલે જ ઊભા રહેજો, ભ્રાતાશ્રી! આગળ એક કદમ પણ ભરવાની મનાઈ છે!''

''સુભદ્રે શા કારણે તું અમને અંદર જતા અટકાવી રહી છે ?'' અધીરા સ્વભાવથી બલરામે પૂછી નાખ્યું.

''રોહિણીમાની આજ્ઞાથી હું અત્યારે દ્વાર પર પહેરેગીર તરીકે ઊભી રહી છું. મારે હમણાં કોઈને પણ અંદર જવા દેવાના નથી. પછી ભલે મારું જે થવાનું હોય તે થાય !''

અકળાયેલા બલરામએ જિંદગીમાં પહેલી જ વાર ઊપડતે સાદે એમણે બહેન સુભદ્રાને કહ્યું:

''તારી અક્કલ તો ઠેકાણે છે ને, સુભદ્રા ! તને શરમ નથી આવતી અમને ના પાડતાં ? અંદર એવું તે શું ચાલી રહ્યું છે કે અમને અંધારામાં રાખવામાં આવી રહ્યા છે ?''

બલરામનો એક શબ્દ પણ સુભદ્રાના કાનને સ્પર્શી ન શક્યો ! એની અર્ધખૂલી આંખો બહાર મંડાયેલી હતી પરંતુ કાન તો દિવ્ય 'લીલાકથા'ના શબ્દેશબ્દ પકડી લેવા એકાગ્ર હતા. 'કાનાનું પીતાંબર અને રાધિકાની ઓઢણી કેવી રીતે અદલબદલ થઈ ગયાં અને પછી બન્નેની માતાઓએ આમનેસામને કેવો વ્યવહાર કર્યો' એ રસપ્રદ પ્રસંગની એટલી સુંદર માંડણી રોહિણીમાએ કરી હતી કે બધાં હસીહસીને બેવડ વળી જતાં હતા ! સુભદ્રાએ બન્ને ભાઈઓને મૌન રહેવાનો ઈશારો કર્યો અને પુનઃ ભાવસમાધિમાં લીન થઈ ગઈ..

'પ્રેમશૂળ'નો રોમાંચ હવે તો પરાકાષ્ઠાએ પહોંચી ગયો હતો ! આ બધી 'લીલા' રચનાર પુરુષોત્તમને તો ખબર જ હતી કે અંદર શું ચાલી રહ્યું છે ! એમને તો માત્ર અંદર જે કહેવાઈ રહ્યું છે તે કાનોકાન સાંભળીને 'કથા-શ્રવણ'નો પરમાનંદ માણવો હતો !

અત્યાર સુધીના સુદીર્ઘ જીવનમાં અનેકવાર સામ,દામ, દંડ ને ભેદ પ્રયોજી ચૂકેલા ઘનશ્યામને સમજાઈ ગયું કે એમાંથી એકેય પ્રયોગ અહીં થઈ શકે એમ નથી; કેમકે એક બાજુ માતૃઆજ્ઞાનું પાલન શિરોમાન્ય છે તો બીજી બાજુ, ભાઈબહેનના આત્મીય સંબંધની પવિત્ર આણ છે !

સુભદ્રાને મનાવવા માટે ફક્ત એક જ 'શસ્ત્ર' શ્યામસુંદરના 'ભાથા'માં સુરક્ષિત હતું. આ અણમોલ 'શસ્ત્ર'ની મર્યાદા ફક્ત એક જ હતી કે માત્ર સ્ત્રી શક્તિને નમાવવા માટે જ તે વાપરી શકાતું હતું. એમને ભૂતકાળના એ બધા પ્રસંગો બરાબર યાદ હતા કે જ્યારે ગુસ્સાથી ધૂંવાપૂંવાં થઈ ગયેલી ગોપીઓ યશોદામા સમક્ષ પોતાની વિરુદ્ધમાં ફરિયાદ કરવા કમર કસીને ઊભી હોય અને ત્યારે આ 'શસ્ત્ર' વાપરે કે તરત પરાજિત થઈ જતી પેલી ગોપીઓ, ફરિયાદ મૂકી દઈ એનો હાથ પકડીને ઘરમાં લઈ જતી અને પોતાના સ્વહસ્તે માખણ પરાણે ખવડાવતી ! ખિજાયેલાં યશોદામા અને રિસાયેલી રાધિકા પણ આ 'શસ્ત્ર-પ્રયોગ'થી સાનસુધ ભૂલીને, પોતાની પાછળ પાછળ દોડી આવતાં હતાં. પોતે હસતાં હસતાં ઘણીવાર કહેતા કે, ''જગતમાં જેટલાં માનવી આ 'શસ્ત્ર'થી જીત્યાં છે એટલાં બીજા કોઈ હથિયારથી કોઈપણ યુગમાં નથી જીતાયાં !''

શ્યામસુંદરનું આ અનન્ય 'શસ્ત્ર' એટલે જન્મજાત માદક-મોહક મંદ મંદ સ્મિત ! એનો તાત્કાલિક પ્રયોગ કરવા, સહેજ બાજુ પર ખસી જઈને, સુભદ્રાનું ધ્યાન ખેંચાય એ રીતે પગનો અવાજ કરીને, શ્રીકૃષ્ણે એક ડગલું આગળ વધવા પ્રયત્ન કર્યો. પગરવ સાંભળીને ચમકેલી સુભદ્રાએ આંખ ખોલીને એમના ભણી ઠપકાભરી મીટ માંડી. બરાબર તેજ ક્ષણે, એની આંખમાં આંખ પરોવીને શ્યામસુંદરે બાળકનૈયાના હાવભાવ મુખારવિંદ પર આવિર્ભૂત કરીને બલરામની નજર ન પડે એ રીતે, છાનાંમાના સુભદ્રા સામે પોતાનું જાદુઈ પ્રતિભાવાળું માદક-અનુપમ મંદ મંદ સ્મિત વેર્યું !

ભીતરથી સંપૂર્ણ 'રાધામય' બની ગયેલી બહેનીએ પૂર્વે મથુરામાં જોયેલું પ્રિય બંધુનું 'બાલમુકુન્દ માધવ સ્વરૂપ' મુખારવિંદ આજ વર્ષો પછી, નજરોનજર જોયું. આજે એ સ્મિત જોઈને સુભદ્રા અત્યંત હર્ષવિભોર થઈને પલકમાં જિતાઈ ગઈ !

શ્યામસુંદરએ અડધો કદમ આગળ વધીને સુભદ્રા એકલી જ સાંભળે એટલા ધીમા સ્વરે કહ્યું: ''સુભદ્રે ! માતેશ્વરીની આજ્ઞા શિરોમાન્ય ! અમે અહીં બહાર ઊભા ઊભા તારી જેમ થોડું ઘણું સાંભળીએ તો એમાં આજ્ઞાભંગ થયો ન ગણાય !''

ભાવસમાધિલીન સુભદ્રાને તો હવે એટલું જ યાદ હતું કે ''કોઈ અંદર આવવું ન જોઈએ અને કથાભંગ થવો ન

જોઈએ'' તો પછી, અહીં બહાર ઊભા રહીને ભાઈશ્રી છોને સાંભળતા! આ તો એમના જ બાળપણની બધી લીલાકથાઓ છે એટલે એમનાથી ને દાઉજીથી તો ક્યાં કશું અજાણ્યું છે ? બન્નેને હાથના ઈશારાથી એણે સમજાવી દીધું કે ''ચુપચાપ મારી ડાબી જમણી બાજુની બારસાખ પાછળ સંતાઈને ઊભા રહી જાઓ અને છાનામાના સાંભળો.'' પછી એણે આંખો અર્ધ બંધ કરી દઈને, દ્વાર વચ્ચે પૂર્વવત્ ઊભાં ઊભાં જ રોહિણીમાના અસ્ખલિત વાણીપ્રવાહથી વહેતી 'શ્રીરાધાકથારસધારા'નું રસપાન કરવા માંડ્યું.

માતાની ભાવવાહી વાણી સાંભળવાની ફુરસદ જેને જીવનમાં બહુ ઓછી પ્રાપ્ત થઈ હતી તેવા દાઉજી માટે તો આ એક આહ્લાદક લ્હાવો હતો. એમને પણ ભાવવિભોર અને એકાગ્રચિત્ત થઈ જતાં વાર ન લાગી!

શ્રીકૃષ્ણની મનોદશા તો પરમાનંદની ચરમ સીમા વટાવી ચૂકી હતી; છેલ્લા કેટલાયે દિવસોથી જે અવર્ણનીય 'રાધા મહાભાવ'ની અનુભૂતિ પોતે એકલા માણી રહ્યા હતા, તેનો કંઈક 'સંસ્પર્શ' હવે પોતાની અષ્ટ રાણીઓ અને ભ્રાતા-ભગિનીના હૃદયને પણ ભાવથી ભીંજવી રહ્યો છે એ ઘટનાનું પ્રત્યક્ષ દર્શન જ, એમના માટે તો આ 'કૃષ્ણાવતાર'ની સફળતાનું દ્યોતક હતું. તેથી તેઓ રોહિણીમાની અમૃતવાણીનું રસપાન કરવા તન્મય થઈ ગયા હતા.

રોહિણીમા કહી રહ્યા હતા: ''કનૈયા સાથે રાધાનું સગપણ કરતાં પહેલાં રાધાની માએ નંદબાબાના ધનવૈભવનો તાગ મેળવવાની હઠ પકડી અને પોતાના પતિને કહી દીધું કે 'મારી પાસે અતિમૂલ્યવાન જે પાંચ નકલંક મોતી છે તેવાં મોતીની એક માળા જો નંદરાય મારી રાધા માટે મોકલાવે તો જ હું એમના શ્યામ સાથે મારી રાધાનું સગપણ કરું!' રાધાના પિતાએ, પોતાની બહેન સાથે પેલાં મોતી નંદરાયને મોકલીને કહેવરાવ્યું કે 'અમારી રાધાએ આવાં મોતીની માળા પહેરવાની જીદ પકડી છે. એકાદ માળા મોકલી આપવા કૃપા કરશો.'

આવું એકાદું પાણીદાર મોતી પણ જેમની પાસે ન હતું તે નંદરાય, આવાં મોતીની આખી માળા મોકલવાની વાત સાંભળીને ઉદાસ થઈ ગયા. 'હવે આ રાધા સાથે મારા કાનુડાનું વેવિશાળ થઈ રહ્યું!' એવા નિઃશ્વાસથી યશોદાજી પણ લમણે હાથ દઈને બેસી ગયા.

સાંજે ગાયો ચારીને ઘેર પાછા ફરેલા ગોવિંદે બન્નેના ઉદાસ મોં જોઈને ચિંતાનું કારણ પૂછ્યું અને કારણ જાણ્યા પછી, 'ઓહો! એમાં શી મોટી વાત છે! હું હમણાં જ મોતીની ખેતી કરું છું... એકમાંથી અનેક મોતી થઈ જશે!' કહેતાં કહેતાં લાલાએ તો નંદબાબાના હાથમાંથી પાંચ મોતી ઝૂંટવી લીધાં ને ભાગ્યો યમુનાતટે. નંદરાય તો બૂમો પાડતા પાડતા, ઊંચે શ્વાસે પાછળ દોડ્યા ને હાંફળી થઈ ગયેલી યશોદા દોડતી આવી, મારી પાસે!'

રોહીણીમા આ અદભુત પ્રસંગ વર્ણવી રહ્યા હતાં ત્યારે ઘણા લાંબા સમયથી દ્વારિકાપુરી ન પધારેલા દેવર્ષિ નારદજી દ્વારિકાધીશને દેવલોકનો સંદેશો આપવા દ્વારિકા આવી પહોંચ્યા. 'નારાયણ.. નારાયણ'નો જાપ જપતા તેઓ સીધા રાજદરબારમાં જ ગયા. રાજસભાગૃહના મુખ્ય દરવાને એમને સમાચાર આપ્યા કે, ''આજે તો સભા ઓચિંતી બરખાસ્ત કરીને મહારાજ ક્યારનાયે મહેલે સિધાવી ગયા છે. સ્વામીની તબિયત કંઈક અસ્વસ્થ જણાતી હતી એટલે દાઉ મહારાજ પણ એમની સાથે જ ગયા છે.''

નારદજીને તો સર્વત્ર અબાધિત ગતિ કરવાનું ચિરકાલીન વરદાન હતું! અંતર્યામીને શોધતા શોધતા નારદજી આવી પહોંચ્યા રોહિણીમાના નિવાસસ્થાને.

પ્રવેશદ્વાર આગળ આ કેવું અદ્‌ભુત દ્રશ્ય! અનિર્વચનીય મહાભાવાવસ્થાને પહોંચી ગયેલાં ત્રણેય ભાઈબહેન; નિશ્ચલ, નિર્વાક, સ્પંદનરહિત! જાણે સંગેમરમરની સાક્ષાત ત્રણ મૂર્તિઓ! એવું અભૂતપૂર્વ અને અવર્ણનીય દ્રશ્ય નજરે નિહાળીને રોમાંચિત થઈ ઊઠેલા પ્રભુ ભક્ત નારદજીના વરદ મુખેથી 'ૐ' નમો ભગવતે વાસુદેવાય' નો બારાક્ષરી મંત્ર, પહેલી જ વાર પ્રગટ થઈને, ધીમા સાદે વાતાવરણમાં ગુંજી રહ્યો!

રોહિણીમા, યશોદામાના અજોડ પુત્રપ્રેમની હૃદયભેદક કહાણી સમાપ્ત કરતાં કહી રહ્યા હતા કે, ''હવે મારા કાનુડાનું વૃષભાણની રાધિકા સાથે લગ્ન કેવી રીતે થશે ?'' એ પ્રશ્ન લઈને મારી પાસે દોડી આવેલાં યશોદા તો સાવ

ભાંગી પડ્યાં હતા. યશોદાને હું કેવી રીતે સમજાવું કે 'યશોદા! તું જેને તારો દીકરો સમજે છે, આખું ગોકુળ જેને નંદકુંવર કહાન તરીકે ઓળખે છે એ કોઈ ગોપબાલ નથી કે જે રાધા જેવી ગોપકન્યાને પરણીને આખી જિંદગી ગોકુળમાં ગાયો ચારતો ફર્યા કરશે ને વાંસળી વગાડ્યા કરશે! અલી! એ તો દેવકીનંદન વાસુદેવ છે, યદુવંશનો રાજકુમાર છે અને મથુરાના રાજા કંસનો ભાણેજ છે!.. કોણ જાણે ક્યારે એને મથુરાનું કહેણ આવે અને એ પોતાનાં સગાં માબાપ પાસે પાછો ચાલ્યા જાય! અને એકવાર એ ગોકુળમાંથી ગયો... તો પછી ફરી પાછો વ્રજભૂમિમાં પગ મૂકશે કે કેમ એ તો રામ જાણે! માટે હવે તું એનો મોહ છોડી દે. અને રાધા જેવી કોઈ ગોપકન્યા તારી પુત્રવધૂ બનશે એવાં સ્વપ્નો જોવાનું પણ છોડી દે..' પરંતુ યશોદા જેવી પુત્રવત્સલ માતાને મેં એને આશ્વાસન આપતાં કહ્યું:

''યશોદા! શું કામ નિરાશ થાય છે? ગર્ગાચાર્ય મહારાજે કહેલું કે, તમારો કુંવર મોટો થઈને એવાં એવાં મહાન પરાક્રમો કરશે કે લોકોમાં એ ભગવાન તરીકે પૂજાશે. રાજા-મહારાજાઓ પોતાની રાજકુંવરીઓ એને પરણાવવા માટે આકાશ પાતાળ એક કરશે!'' રાધા સાથે એનું લગ્ન નહીં થાય એટલી અમથી વાત પર નિરાશ કાં થાય? તું જો જે તો ખરી! એક બે નહીં, આઠ દસ વહુઓની તું સાસુમા થાય છે કે નહીં?''

યશોદાએ અશ્રુભરી આંખે કહ્યું, 'બહેન! તમે બધાં શું એમ સમજો છો કે હું કંઈ જાણતી નથી? મને તો ક્યારની ય ખબર છે કે કાનુડો મને સોંપાયેલી પારકી થાપણ છે. એટલું જ નહીં, એ કોઈ સાધારણ બાળક નથી, દિવ્ય અવતારધારી કોઈ દેવાત્મા છે! પરંતુ યશોદાનંદન-નંદકુંવર તરીકે ઓળખાય છે એટલું જ યાદ રાખીને, હું તો દહાડા કાઢું છું... કાલે ઊઠીને એ ભલેને મોટો રાજા બની જાય અને આઠ દસ શું અઢાર રાણીઓ છોને કરતો! હું તો સાદીસીધી એક જ વાત સમજું છું કે કોઈપણ ભોગે જો એનું પહેલું લગ્ન આ રાધા સાથે થઈ જશે તો મારી તમામ ચિંતાઓનો આપોઆપ અંત આવી જશે..'

'રોહિણી! રાધા સાથે એણે લગ્ન કર્યું હશે તો પછી, એ એને અમારી સેવાચાકરી કરવા અહીં મૂકીને જ જશે. જો રાધાવહુ અમારી પાસે રહેશે તો કાનુડો અમને મળવા આવ્યા વિના રહેવાનો નથી. બાકી તો બહેન! ગમે તેમ કરો પણ મારો કાનુડો આ રાધાને ઝટ પરણી જાય એવો કોઈ રસ્તો શોધી કાઢો,'' કહેતાં કહેતાં યશોદા તો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

આ બાજુ યશોદામૈયાએ વર્ષો પહલાં રોહિણીમાને કહેલું આ 'રહસ્ય' આજે પહેલી જ વાર કાનોકાન સાંભળીને અત્યંત ભાવવિભોર થઈ ગયેલા દ્વારિકાધીશની બન્ને બંધ આંખો આંસુથી છલકાઈ ગઈ! ''ધન્ય છે તું મા યશોદા! આટલું બધું જાણતી હોવા છતાં તે સાવ અજાણ હોવાનો ઢોંગ કરીને મને ઠેઠ સુધી અંધારામાં રાખ્યો?... અરેરે! મેં અનેકની મનોકામનાઓ પરિપૂર્ણ કરી, પણ એક તારી અંતરની ઈચ્છા પૂરી ન કરી શક્યો! આ અક્ષમ્ય અપરાધ બદલ, હે જગદંબા! તું મને માફ કરજે!'' એજ વખતે, 'ૐ નમો ભગવતે વાસુદેવાય!' ના શબ્દોચ્ચાર શ્રીકૃષ્ણના કર્ણપટલ પર અથડાયા; ચમકીને પ્રભુએ જેવા નેત્ર ખોલ્યા કે અશ્રુપ્રવાહ આંખમાંથી વહેવા લાગ્યો જે જોઈને ગદ્‌ગદ્‌ થઈ ગયેલા દેવર્ષિ મોટેથી બોલી ઉઠ્યા: 'નારાયણ... નારાયણ! મારા પ્રભુ ! નમો નારાયણ!!''

વીણાટંકાર સહ થઈ રહેલા 'નારાયણ!.. નારાયણ!' નો અવિરત જાપ સાંભળીને સુભદ્રાજીએ અને બલરામજીએ પણ તત્ક્ષણ આંખો ખોલી અને મુનિવરને પ્રણામ કર્યા. અત્યંત લાગણીવશ થઈ ગયેલાં રોહિણીમાના કાને પણ 'નારાયણ' જાપ સંભળાતાં ''દેવર્ષિ નારદજી પધાર્યા લાગે છે!'' એમ કહેતા એ ઊભા થઈ ગયા.

'આ નારદજીને અત્યારે જ આવવાનું સૂઝ્યું!' એવો મનમાં બળાપો કરતી શ્રીકૃષ્ણની સાતેય રાણીઓ પણ ઊભી થઈ ગઈ. દ્વાર ભણી જવા ઈચ્છતાં રોહિણીમાને હાથનો ટેકો આપીને રુકમિણીએ તેમને ધીરે ધીરે દોર્યા. ◆

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૪)

સંધ્યા થવા આવી હતી. ઈશાનની ઓરડીમાં સમુદ્રમાં ડૂબવાની તૈયારી કરતા સૂર્યનો આછો પ્રકાશ બારીના કાચને અજવાળી દેતો હતો. બારી ખોલી નાખીને ઈશાને ખારી, ભીની તેજવંત હવાને અંદર આવવા દીધી. સાયંકાળની ઉપાસનાનો સમય થઈ ગયો છે તે જાણવા છતાં તે થોડી વાર બારી આગળ એમ ને એમ ઊભો રહ્યો. 'મિહિકા કેમ વહાલી લાગી? નેન્સી પ્રત્યે કેમ અણગમો આવ્યો? ગુરુ, ગુરુ! તમે હજી કાચા છો.' ભીતરના જ કોઈ દૈવતને ઉદ્દેશીને ઈશાને મનમાં ને મનમાં કહ્યું. પછી આ બધા વિચારોને બહાર ફેંકી દઈને તે શાંત થઈ ગયો. પોતાની જાતને હસવામાં ગુરુ તરીકે સંબોધી એ ભૂલનું સંમાર્જન કરતો હોય તેમ બ્રહ્મલીન ગુરુદેવ ૐકારગિરિની મુખાકૃતિની નાનામાં નાની રેખા સ્પષ્ટપણે યાદ કરીને એમના સ્મરણમાં લીન થઈ ગયો. મંત્રનું રટણ આવે સમયે આપોઆપ જ થતું રહેતું હતું. ન તો હોઠ ફફડતા, ન કશો અવાજ આવતો. તે છતાં એ ધ્વનિરહિત ગુંજારવ હૃદયમાંથી જાગીને દેહના રોમેરોમમાં શાંતિનો અમૃતસ્પર્શ કરતો હતો.

ધ્યાનમાંથી ઊઠ્યો ત્યારે ગુરુદેવની અપાર કરુણાના સ્મરણથી એની આંખો ભીંજાઈ ગઈ. એમણે એને કેવો અમૂલ્ય પારસમણિ આપ્યો હતો! પરંતુ તે આ સંસારની હાટડીએ બેસવામાં કામ ન લાગે. તેને કાંચન કરવા જતાં એ સમૂળો જ ખોવાઈ જાય.

એક નાનકડા સંસ્કૃત ગ્રંથનો હિન્દી અને ગુજરાતી અનુવાદ કરવાનું કામ ગુરુજીએ સોંપ્યું હતું. ઈશાને બીજા જ દિવસથી એ શરૂ કરી દીધું હતું. નાનકડાં સૂત્રોનો અર્થવિસ્તાર ક્ષિતિજને અડી આવતો હતો. કોઈને ક્યારેક કામ લાગે કે ન લાગે, ઈશાનને પોતાને તો સ્વાધ્યાય ચાલુ રાખવામાં આ અનુવાદ બહુ મદદરૂપ નીવડ્યો હતો. અહીં આશ્રમ કરતાંયે વધારે સમય મળતો હતો. એ કામ અહીં પૂરું થઈ શકે, જરૂર થઈ શકે.

ચોપડીઓ અને કાગળિયાં કાઢીને ઈશાને પદ્ધતિસર ગોઠવ્યાં અને તે કામે લાગી ગયો. ઘણા વખત પછી સીતારામે આવીને દૂધનો પ્યાલો ધરતાં કહ્યું, 'શેઠ ભેટાયલા યેતે.'

એટલામાં આશુતોષનાં પગલાં સંભળાયાં.

'શું કરે છે ઈશાન? કંઈ લખવા માંડ્યું કે શું?'

'ના, આ તો અનુવાદ છે. ગુરુજીએ સોંપેલું કામ છે.'

'અચ્છા, અચ્છા! તે ઈશાન, તારે એમની સાથે કંઈ વાંધો તો નહોતો

પડ્યો ને ?'

'કોની સાથે, ગુરુજીની સાથે ?' ઈશાનના ચહેરા પર એવું અપાર આશ્ચર્ય વ્યાપ્યું કે આશુતોષને હસવું આવી ગયું. પછી વળી વિચારમાં પડીને એણે પૂછ્યું, 'બીજા કોઈ આશ્રમવાળાઓ જોડે કંઈ થયું હતું ?'

'ના, કંઈ નહીં. કેમ ?'

'આમ જ.'

આશુતોષભાઈ પૂછવા માગે છે, પણ હિંમત ચાલતી નથી. બન્ને ભાઈઓની વચ્ચે સભ્યતાનો એક પડદો ઝૂલે છે. ચીરી નાખવાનો દૂર રહ્યો, જરા ઊંચકવા જેટલી પણ બહાદુરી રહી નથી આશુતોષભાઈની, પણ ઈશાને શા માટે રાહ જોવી ? શા માટે એમને તલસાવવા ?

'તમારે કામ ન હોય તો બેસો ને ! થોડી વાત કરીએ.'

આશુતોષ તરત બેસી ગયો. બહુ સારું લાગ્યું. ઈશાન પોતાની મેળે વાત કરવા માગે છે, પોતાને - પોતાને એકલાને ! આ થોડા વખતમાં મનની ગતિ ધીરે ધીરે એવી બદલાઈ ગઈ છે, ઈશાનની સામે જોતાં કંઈ જોખમનો અનુભવ નથી થતો... એનું સામીપ્ય ગમે છે. એક જાતની રાહત લાગે છે.

'બોલ ભાઈ !'

'આ હું... ઓચિંતો આવ્યો એટલે તમને જાતજાતના વિચાર આવતા હશે. કદાચ ચિંતા પણ થતી હશે, પણ એવું ફિકર કરવા જેવું કંઈ નથી. અને હું કંઈ તમારા ઘરમાં બહુ રહેવાનો નથી. આજે જ એક મહાદેવનું મંદિર જોયું હતું. એની પાછળની ઓરડીઓમાં પૂજારી રહેવા દે.'

'ના ના, એવામાં કંઈ રહેવાતું હશે ?'

'કેમ ? ભગવાનનું ઘર છે. શો વાંધો ?'

'ના ભાઈ. ઠીક ના લાગે અને મને પણ ચેન ના પડે. એમ તો થાય ને કે ઈશાન ક્યાં સૂતો હશે, શું ખાતો હશે ? એવી કશી ઉતાવળ નથી. રહે તું તારી મેળે થોડો વખત. પછી કંઈ સરખું ગોઠવાય એટલે જજે.'

'આ સરખું જ છે. '

'તું આટલું બધું લખે છે તો તને કંઈ સંસ્કૃતનું કે એવા કશાકનું ટ્યૂશન કરતાં ના આવડે ?'

'આવડે, પણ સંસ્કૃત હવે ભણે છે છોકરાંઓ ?'

'ભણતાં હશે, તપાસ કરી જોઈશું, તને તો વાંધો નથી ને ?'

'ના, જરાયે નહીં, બીજી નોકરીઓ કરતાં આ સારું. બસો - અઢીસો મળે તો કામ ચાલી જાય.'

આશુતોષને આ વખતે ખૂબ હસવું આવ્યું. હસતાં હસતાં જ તે બોલ્યો, 'ઈશાન ! આ ૧૯૯૫નું વરસ ચાલે છે. કંઈ સમજ પડે છે ? આ આપણો સીતારામ છે ને, એનો પગાર કેટલો છે જાણે છે ? પૂરા એક હજાર અને તોયે એ કાયમ મોંઘવારીની અને પગારવધારાની વાતો કર્યા કરતો હોય છે.'

